RNI No:- GUJGUJ/2011/39896

ગાંધીનગરથી પ્રસિધ્ધ થતુ નિડર અને ધ્યેયલક્ષી દૈનિક

દૈનિક

# અખંડ ભારત

AKHAND BHARAT

ન્યાયક્ષેત્ર ગાંધીનગર રહેશે

તંત્રી : તેતરવાલ રૂપસિંહ હેમારામ ● વર્ષ: ૧૪ ● અંક: ૮૩● તારીખ: ૦૨-૦૭-૨૦૨૫,બુધવાર● પાના : ૮ ● કિંમત :૧.૫૦=૦૦ રૂપિયા ● Annual Subscription-Rs.૫૦૦

ADD. I-406, Amardeep residency, NR. Pushkar bungalow, Nana chiloda, Ahmedabad/ Gandhinagar - 382330, Email : roopsinghtetarawal@gmail.com, WEB: https://akhandbharatdainik.com

# કર્ણાટકમાં CM પદ પર ફરી વિવાદ



કર્ણાટક કોંગ્રેસમાં મુખ્યમંત્રી પદ મામલે આંતરિક ખેંચતાણ વધુ તીવ્ર બની છે. આ દરમિયાન, કોંગ્રેસના નેતા અને કર્ણાટકના પ્રભારી રણદીપ સિંહ સુરજેવાલા બેંગલુરુ પહોંચ્યા છે અને પાર્ટીના ધારાસભ્યો સાથે સતત બેઠકો કરી રહ્યા છે.ડેપ્યુટી સીએમ ડીકે શિવકુમારના નજીકના ધારાસભ્ય ઈકબાલ હુસૈને દાવો કર્યો હતો કે લગભગ ૧૦૦ ધારાસભ્યો મુખ્યમંત્રી બદલવાના પક્ષમાં છે. જો મુખ્યમંત્રી બદલાશે નહીં તો કોંગ્રેસ ૨૦૨૮ની ચૂંટણી જીતી શકશે નહીં. અમે સુરજેવાલા સમક્ષ આ મુદ્દો ખુલ્લેઆમ ઉઠાવીશું. શિવકુમારે પાર્ટી માટે દિવસ-રાત મહેનત કરી છે અને હવે તેમને મુખ્યમંત્રી બનવાની તક મળવી જોઈએ.ખરેખરમાં, ડીકે શિવકુમારે ૨૦૨૩ની વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસની મોટી જીતમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. તે સમયે તેઓ મુખ્યમંત્રી પદ માટે મજબૂત દાવેદાર હતા, પરંતુ પાર્ટી હાઈકમાન્ડના કહેવાથી તેમણે ડેપ્યુટી સીએમ અને પ્રદેશ પ્રમુખની જવાબદારી સ્વીકારી.તે સમયે, રોટેશનલ સીએમ ફોર્મ્યુલાનો મુદ્દો પણ સામે આવ્યો હતો, પરંતુ તેને ક્યારેય જાહેરમાં મંજૂરી આપવામાં આવી ન હતી. હવે ફરી એકવાર આ મુદ્દો સપાટી પર આવ્યો છે.

રણદીપ સુરજેવાલા સોમવારે બેંગલુરુ પહોંચ્યા હતા. તેમની મુલાકાતને મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રી વચ્ચે વધતા જતા મતભેદ સાથે જોડવામાં આવી રહી છે. જોકે, તેમણે આ અટકળોને ફગાવી દીધી હતી અને તેમની મુલાકાતને "સંગઠન સમીક્ષા" ગણાવી હતી. તેમણે મીડિયાને જણાવ્યું હતું કે નેતૃત્વ પરિવર્તનની વાત એક કાલ્પનિક છે. સિદ્ધારમૈયાએ મૈસુરમાં મીડિયા સાથે વાત કરતા કહ્યું હતું કે સરકાર પાંચ વર્ષ સુધી પહાડની જેમ ચાલશે.કર્ણાટકમાં મુખ્યમંત્રી બદલવાની ચર્ચા વચ્ચે, કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ સોમવારે કહ્યું - આ નિર્ણય સંપૂર્ણપણે હાઈકમાન્ડના હાથમાં છે. હાઈકમાન્ડના મનમાં શું ચાલી રહ્યું છે તે કોઈ કહી શકાય નહીં. નિર્ણય લેવાનો તેમનો અધિકાર છે, પરંતુ કોઈએ આ મુદ્દા પર બિનજરૂરી રીતે કોઈ વિવાદ ઊભો કરવો જોઈએ નહીં.

ખરેખરમાં, રવિવારે કર્ણાટક કોંગ્રેસના ધારાસભ્ય એચ.એ. ઈકબાલ હુસૈને કહ્યું હતું કે નાયબ મુખ્યમંત્રી ડીકે શિવકુમારને આગામી બે-ત્રણ મહિનામાં રાજ્યના મુખ્યમંત્રી બનવાની તક મળી શકે છે. ત્યારથી, કર્ણાટકમાં મુખ્યમંત્રી બદલવાની અટકળો ચાલી રહી છે.કર્ણાટકના વિપક્ષ નેતા આર અશોકે પૂછ્યું- પ્રિય ખડગે જી, જો તમે હાઈકમાન્ડ નથી, તો કોણ છો? રાહુલ ગાંધી? સોનિયા ગાંધી? પ્રિયંકા ગાંધી કે પછી તે કોઈ ઉપનામની અદ્રશ્ય સમિતિ છે? કોંગ્રેસમાં, અધ્યક્ષ ફક્ત બતાવવા માટે હોય છે, જ્યારે નિર્ણયો ૧૦ જનપથ પર બંધ બારણે લેવામાં આવે છે.

કોંગ્રેસના ધારાસભ્ય બસવરાજુ વી શિવગંગાએ ૨ માર્ચે દાવો કર્યો હતો કે ડેપ્યુટી સીએમ ડીકે શિવકુમાર આવતા ડિસેમ્બર મહિનામાં મુખ્યમંત્રી બનશે. તેઓ ઓછામાં ઓછા આગામી ૭.૫ વર્ષ સુધી મુખ્યમંત્રી રહેશે.

## રાજસ્થાનના અલવરમાં ધોધમાર વરસાદ,પાણી ઘરમાં ઘૂસ્યા :હિમાચલમાં ૪ જગ્યાએ આભ ફાટ્યું

જુલાઈમાં દેશના મોટાભાગના ભાગોમાં સામાન્યથી વધુ વરસાદ પડવાની ધારણા છે. હવામાન વિભાગે સોમવારે આ માહિતી આપી હતી. આ સાથે, મધ્યપ્રદેશ, છત્તીસગઢ, ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ અને હરિયાણાના લોકોને પૂર સામે સતર્ક રહેવાની સલાહ આપવામાં આવી છે.રાજસ્થાનમાં ચોમાસાની ઋતુમાં અત્યાર સુધીમાં ૧૩૬% વધુ વરસાદ પડ્યો છે. ૧ થી ૨૯ જૂન સુધી સરેરાશ વરસાદ ૫૦.૭ મીમી છે, જ્યારે આ ઋતુમાં અત્યાર સુધીમાં કુલ ૧૧૯.૪ મીમી વરસાદ નોંધાઈ ચૂક્યો છે. આજે પણ રાજ્યના તમામ જિલ્લાઓમાં વરસાદની ચેતવણી આપવામાં આવી છે.

સોમવારે રાત્રે હિમાચલ પ્રદેશના મંડી જિલ્લામાં ચાર સ્થળોએ વાદળ ફાટવાથી ભારે નુકસાન થયું છે. પૂર અને ભૂસ્ખલનને કારણે અત્યાર સુધીમાં એક વ્યક્તિનું મોત થયું છે અને ૧૩ થી વધુ લોકો ફસાયેલા હોવાનું જાણવા મળે છે. તે જ સમયે, ઘણા લોકો ગુમ છે.

બિયાસ નદી ખતરાના નિશાનને વટાવી ગઈ છે અને ઘણી જગ્યાએ ભૂસ્ખલન થઈ રહ્યું છે. ભારે વરસાદને ધ્યાનમાં રાખીને, મંડી જિલ્લા મેજિસ્ટ્રેટે આજે જિલ્લાની તમામ શાળાઓ અને કોલેજોમાં રજા જાહેર કરી છે.રવિવાર રાતથી સોમવાર સવાર સુધી દિલ્હી-એનસીઆરમાં હળવો થી મધ્યમ વરસાદ પડ્યો, જેના કારણે તાપમાનમાં ઘટાડો થયો અને હવા પણ સ્વચ્છ થઈ ગઈ. ચંદીગઢ, પંજાબ અને હરિયાણાના ઘણા ભાગોમાં પણ વરસાદ પડ્યો. છેલ્લા ૨૪ કલાકમાં ચંદીગઢમાં ૫૦ મીમીથી વધુ વરસાદ નોંધાયો છે.

## ઓડિશામાં મ્યુનિસિપલ ઓફિસમાં ઘુસીને સરકારી બાબુની ધોલાઈ:કોલર પકડીને ખેંચીને બહાર કાઢ્યો

ઓડિશાના ભુવનેશ્વરમાં સોમવારે, જાહેર સુનાવણી દરમિયાન કેટલાક લોકોએ ભુવનેશ્વર મ્યુનિસિપલ કોર્પોરેશન (BMC)ના એડિશનલ કમિશનર રત્નાકર સાહુને માર માર્યો હતો. આ હુમલાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે.વીડિયોમાં, ૬-૮ લોકો સાહુને તેની ઓફિસમાંથી ખેંચીને બહાર કાઢતા દેખાય છે. તેઓ અપશબ્દો પણ સંભળાવી રહ્યા છે અને સતત મુક્કા મારી રહ્યા છે. આ દરમિયાન, એક વ્યક્તિ અધિકારીના ચહેરા પર લાત મારે છે. તેઓ શર્ટનો કોલર પકડીને સાહુને ખેંચીને બહાર કાઢી રહ્યા છે અને તે જમીન પર પડી જાય છે.આ કેસમાં અત્યાર સુધીમાં ત્રણ લોકોની ધરપકડ કરવામાં આવી છે. હુમલાના વિરોધમાં, ઓડિશા વહીવટી સેવા (OAS) ના અધિકારીઓ ૧ જુલાઈથી સામૂહિક રજા પર રહેશે.OAS એસોસિએશનની બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો. આ અંગેની માહિતી તમામ જિલ્લા એકમોને પત્ર લખીને આપવામાં આવી છે.

## તામિલનાડુના શિવકાશીની ફટાકડા ફેક્ટરીમાં વિસ્ફોટ : અત્યારસુધીમાં ૪ લોકોનાં મોત

મંગળવારે તામિલનાડુના શિવકાશીમાં ફટાકડાની એક ફેક્ટરીમાં પ્રચંડ વિસ્ફોટ થયો હતો, જેમાં ઓછામાં ઓછા ૪ લોકોનાં મોત થયાં છે. આ અકસ્માતમાં ૫ લોકો ગંભીર રીતે દાઝી ગયા છે.એવું કહેવામાં આવી રહ્યું છે કે હજુ પણ કેટલાક લોકો ફસાયેલા હોઈ શકે છે. બચાવ કામગીરી ચાલુ છે. ઘાયલોને સારવાર માટે વિરુધુનગર સરકારી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.વિરુધુનગર જિલ્લાના એસપી કન્નને જણાવ્યું હતું કે શિવકાશી નજીક ચિન્નાકમનપટ્ટી ગામમાં ફટાકડાની ફેક્ટરીમાં વિસ્ફોટ થયો હતો. અકસ્માત પછી ફેક્ટરીમાંથી સતત ધુમાડો નીકળતો જોવા મળ્યો હતો અને અંદરથી ફટાકડા ફૂટવાના



અવાજો સંભળાયા હતા. ઘટનાની તપાસ કરવામાં આવી રહી છે.તેલંગાણાના સંગારેડ્ડી જિલ્લામાં દવા ફેક્ટરીમાં થયેલા વિસ્ફોટમાં મૃત્યુઆંક વધીને ૩૪ થયો છે. ફેક્ટરીમાંથી ૩૧ મૃતદેહ મળ્યા છે. એ જ સમયે ૩ લોકોનાં હોસ્પિટલમાં મૃત્યુ થયાં છે, ૩૦થી વધુ ઘાયલ છે.સંગારેડ્ડીના એસપી પરિતોષ પંકજે આ માહિતી આપી છે. સોમવારે સવારે ફેક્ટરીના રિએક્ટર યુનિટમાં વિસ્ફોટ થયો હતો. આ અકસ્માત સવારે ૮.૧૫થી ૯.૩૦ વાગ્યાની વચ્ચે પાસુમિલ્લારામ ઔદ્યોગિક વિસ્તારમાં સ્થિત સિગાચી ઈન્ડસ્ટ્રીઝમાં થયો હતો.

## ભાજપના ૯ પ્રદેશ પ્રમુખોની જાહેરાત ૨ દિવસમાં થશે:રાજીવ બિંદલ ત્રીજી વખત હિમાચલના પ્રમુખ બન્યા; મહેન્દ્ર ભટ્ટને સતત બીજી વખત ઉત્તરાખંડની કમાન સોંપવામાં આવી

ભાજપે મંગળવારે હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડના પ્રદેશ પ્રમુખોની પસંદગી કરી છે. રાજીવ બિંદલને ત્રીજી વખત હિમાચલની કમાન સોંપવામાં આવી છે. જ્યારે મહેન્દ્ર ભટ્ટને બીજી વખત ઉત્તરાખંડના પ્રદેશ પ્રમુખ બનાવવામાં આવ્યા છે. બંને રાજ્યોમાં પ્રદેશ પ્રમુખો બિનહરીફ ચૂંટાયા હતા. જોકે, આંધ્ર પ્રદેશ, તેલંગાણા અને મહારાષ્ટ્રમાં પ્રમુખોના નામની જાહેરાત હજુ બાકી છે.રામચંદ્ર રાવની ઉમેદવારી અંગે તેલંગાણામાં વિવાદ ચાલી રહ્યો છે. ગોશામહલના ધારાસભ્ય ટી રાજાએ સોમવારે વિરોધ કરતા પાર્ટીમાંથી રાજીનામું આપી દીધું છે.મધ્યપ્રદેશ, પશ્ચિમ બંગાળ, દમણ દીવ અને લદાખમાં





મંગળવારે રાષ્ટ્રપતિ પદ માટે નામાંકન થશે. આ રાજ્યોના પ્રદેશ પ્રમુખની જાહેરાત બુધવારે કરવામાં આવશે.૨ દિવસમાં ૯ રાજ્યોમાં નવા પ્રદેશ પ્રમુખોની ચૂંટણી બાદ, ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષની ચૂંટણીનું ચિત્ર સ્પષ્ટ થશે. ભાજપના બંધારણ મુજબ, ૫૦% રાજ્યોમાં ચૂંટણીઓ યોજાય તે પછી જ રાષ્ટ્રીય અધ્યક્ષની પસંદગી કરવામાં આવે છે.હાલમાં ભાજપ પાસે ૩૭ માન્ય રાજ્ય એકમો છે. આમાંથી અત્યાર સુધીમાં ૧૪ રાજ્યોમાં પ્રમુખોની પસંદગી થઈ ચૂકી છે. રાષ્ટ્રીય અધ્યક્ષની પસંદગી જુલાઈમાં થઈ શકે છે.સોમવારે, ઉત્તરાખંડમાં વર્તમાન પ્રમુખ મહેન્દ્ર ભટ્ટ અને હિમાચલ પ્રદેશમાં રાજીવ બિંદલે પોતાના ઉમેદવારીપત્રો ભર્યા. મહારાષ્ટ્રમાં રવિન્દ્ર ચવ્હાણ, આંધ્ર પ્રદેશમાં પીવીએન માધવ અને તેલંગાણામાં રામચંદ્ર રાવે પોતાના ઉમેદવારીપત્રો ભર્યા. બીજી તરફ, સોમવારે પુડુચેરીમાં વીપી રામલિંગમને પ્રદેશ પ્રમુખ બનાવવામાં આવ્યા. હાલમાં ભાજપમાં જોડાયેલા ભૂતપૂર્વ મંત્રી કે. બૈચુઆને મિઝોરમમાં પ્રમુખ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.જેપી નડ્ડાનો રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકેનો કાર્યકાળ જૂન ૨૦૨૪માં સમાપ્ત થયો હતો. તેઓ એક્સટેન્શન પર છે. તેમજ, તેઓ કેન્દ્ર સરકારમાં મંત્રી પણ છે, જેના કારણે ભાજપ ટૂંક સમયમાં નવા અધ્યક્ષની પસંદગી કરવાની તૈયારી કરી રહ્યું છે.

## તંત્રી લેખ...

# વિદેશમાંથી ભારતીયો દ્વારા ૧૩૫ અબજ ડોલરથી વધુનું રેમિટેન્સ ઠલવાયું

વિદેશ વસતા ભારતીયો દ્વારા નાણાં વર્ષ ૨૦૨૪-૨૫માં ૧૩૫.૪૬ અબજ ડોલરની વિક્રમી રકમ સ્વદેશ પાઠવાઈ હોવાનું રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ)ના ડેટા જણાવે છે. રિઝર્વ બેન્ક દ્વારા જારી કરાયેલા બેલેન્સ ઓફ પેમેન્ટસના ડેટા પ્રમાણે, પ્રાઈવેટ ટ્રાન્સફર્સ તરીકે નોંધાયેલા ગ્રોસ ઈનવર્ડ રેમિટન્સ નાણાં વર્ષ ૨૦૨૩-૨૪ની સરખામણીએ નાણાં વર્ષ ૨૦૨૪-૨૫માં ૧૪ ટકા વધુ રહ્યું હતું. ૩૧મી માર્ચના સમાપ્ત થયેલા નાણાં વર્ષમાં જોવાયેલા એક ટ્રિલિયન ડોલરના ગ્રોસ કરન્ટ એકાઉન્ટ ઈન્ફલોસમાં રેમિટેન્સનો હિસ્સો ૧૦ ટકા જેટલો રહ્યો હોવાનું રિઝર્વ બેન્કના ડેટા જણાવે છે. ક્રુડ તેલના ભાવમાં ઘટાડા છતાં રેમિટેન્સમાં મજબૂતાઈ જળવાઈ રહી છે. અખાતના દેશો ઉપરાંત અમેરિકા, યુકે તથા સિંગાપુર ખાતેથી નોંધપાત્ર રેમિટેન્સ પ્રાપ્ત થાય છે. રેમિટેન્સની ઊંચી માત્રા દેશની વેપાર ખાધને ભરપાઈ કરવામાં મુખ્ય સ્રોત બની રહે છે, એમ રિઝર્વ બેન્કના સુત્રોએ જણાવ્યું હતું. ઊંચી આવક સાથેના દેશોમાં રોજગારની સ્થિતિ સુધરતા તેનો લાભ ભારત સહિત કેટલાક દેશોને જોવા મળી રહ્યો છે. ૨૦૨૪ના કેલેન્ડર વર્ષમાં વિદેશમાંથી રેમિટેન્સના રૂપમાં સ્વદેશમાં નાણાં મેળવવામાં ૧૨૯ અબજ ડોલર સાથે ભારત વૈશ્વિક સ્તરે ટોચ પર રહ્યું છે.ભારત બાદ સૌથી વધુ રેમિટેન્સ મેળવનારા દેશોમાં મેક્સિકો, ચીન, ફિલિપાઈન્સ તથા પાકિસ્તાનનો સમાવેશ થાય છે, એમ વર્લ્ડ બેન્કના એક રિપોર્ટમાં અગાઉ જણાવાયું હતું.

# જાયન્ટ્સ વેલફેર ફાઉન્ડેશન દ્વારા જાયન્ટ્સ રત્ન એવોર્ડ કાર્યક્રમ યોજાયો



સોની કિરણકુમાર - જાયન્ટ્સ વેલફેર ફાઉન્ડેશન (અગાઉ જાયન્ટ્સ ઈન્ટરનેશનલ દ્વારા જાણીતું હતું) ની સ્થાપના ના ૫૩ માં વર્ષ માં ફેડરેશન ૩ સી ના પ્રમુખ શ્રી કિરણ સોની અને તેમની ટીમ દ્વારા પ્રતિષ્ઠિત મેગા જાયન્ટ્સ રત્ન એવોર્ડ ૨૦૨૫

યોજવામાં આવેલ. તેમાં ૨૧ પ્રતિષ્ઠિત પ્રતિભા ઓ કે જેઓ એ પોતપોતાના ક્ષેત્રમાં અતિ ઉત્કૃષ્ટ કામગીરી કરેલ છે પદ્મશ્રી ,રાષ્ટ્રપતિ એવોર્ડ વિજેતા વગેરે છે એવા મહાનુભાવોનું સન્માન કરી , એવોર્ડ આપી એમને આપેલી સેવાઓ બદલ એમને વાસણા અમદાવાદ પાસે હોટેલ એરાજ ખાતે રવિવાર તા. ૨૨ જૂન ૨૦૨૫ ના રોજ બિરદાવવા માં આવ્યા. સાથે સાથે ચાર નવા જાયન્ટ્સ ગ્રુપોની શપથવિધિ પણ કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં સંસ્થા ના મથુરા કન્વેશનના ચેરમેન અને ડેપ્યુટી વર્લ્ડ ચેરમેન સન્માનનીય શ્રી સત્યપ્રકાશ ચતુર્વેદી પધારેલ. સાથે અતિથિ વિશેષ તરીકે ફેડરેશન ના સ્પેશિયલ ઓફિસર શ્રી તેજાભાઈ કાંગડ , ફેડરેશન ૩ સીના સેન્ટ્રલ કમિટી મેમ્બર શ્રી રસિકભાઈ સુથાર કાંતિભાઈ પટેલ સ્પેશિયલ કમિટી મેમ્બર શ્રી કૌશિકભાઈ ફેડરેશન ૩એ માંથી સેન્ટ્રલ કમિટી મેમ્બર શ્રી ઘનશ્યામભાઈ પટેલ શ્રી અશોકભાઈ બારોટ શ્રી કમલેશભાઈ પારેખ રાજેશભાઈ પારેખ સાથે ફેડરેશન ૩ બી માંથી શ્રીરામકરણ તિવારી સાહેબ પધારેલ. શપથ વિધી બાદ મ્યુઝિકલ ગીત સંગીતના પ્રોગ્રામ સાથે એવોર્ડનું વિતરણ કરવામાં આવ્યું. સમગ્ર પ્રોગ્રામમાં ૩૨૫ સભ્યોએ રસ પૂર્વક હાજરી આપી કાર્યક્રમ માણી એવોર્ડ વિનર નું સન્માન કરી પૂરા કાર્યક્રમને ખૂબ જ ઉત્સાહથી માણેલ. આ કાર્યક્રમ માટે સતત બે મહિનાથી રાત દિવસ મહેનત કરનાર આ કાર્યક્રમના કન્વીનર શ્રી રમેશભાઈ નાગર કાર્યક્રમ નુ સુંદર સંચાલન કર્યુ. સાથે સાથે અનેક ગાયકોએ ગાયકી દ્વારા પોતાનું શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું અને વિજેતાઓ એ ઉપસ્થિન રહીને ઉત્સાહ વધાયો હતો.

# મોડાસા ખાતેથી ઉન્ડવા -દ્વારકા સ્લીપર બસનું પ્રસ્થાન કરાયું



મયંક સોની - મોડાસા ખાતે આવેલા નવીન બસ પોર્ટ ખાતેથી રાજ્યના અન્ન અને પુરવઠા મંત્રીના હસ્તે ઉન્ડવા - દ્વારકા સ્લીપર બસને લીલીઝંડી આપી પ્રસ્થાન કરાવી યાત્રાળુઓ હવે એસ.ટી મારફતે ઘર આંગણેથી જ દ્વારકા સુધીની આરામદાયક સફર કરવામાં સુવિધા ઉપલબ્ધ બનશે તેવો આશાવાદ ઉપસ્થતિ મંત્રીશ્રી ભીખુસિંહ પરમાર સાહેબ અને મોડાસા શહેર નગરપાલિકા પ્રમુખશ્રી નીરજભાઈ શેઠ, પૂર્વ નગરપાલિકા પ્રમુખ શ્રીમતી જલ્પાબેન ભાવસાર મોડાસા શહેરના ભાજપના પ્રમુખ શ્રી વિપુલભાઈ કડિયા,મહામંત્રી શ્રી કેતનભાઈ ત્રિવેદી,મુકુંદભાઈ સોની, વિનોદભાઈ શાહ હોતુભાઈ,મોડાસા ડેપો મેનેજર સાહેબ તથા મોડાસા શહેરના આગેવાનો એ વ્યક્ત કર્યો હતો.-અખંડ ભારત

# મેઘરજમાં વૃદ્ધના પેટમાંથી સાડા આઠ કિલો ગાંઠનું સફળ ઓપરેશન



રાજેન્દ્ર મકવાણા - મેઘરજ શ્રી જલારામ આરોગ્ય સેવા ટ્રસ્ટ ખાતે અભૂતપૂર્વ કહી શકાય એવું એક મોટું ઓપરેશન સફળતા પૂર્વક કરવામાં આવ્યું દર્દી નામે બારીયા રૂપાબેન જગાભાઈ ઉંમર ૬૫ ગામ ગોઢ (મેવડા) માલપુર જિલ્લો અરવલ્લી ના પેટ માં થી એક મોટી ગોઠ હતી અને આખું પેટ ખુબજ ફૂલી ગયેલ હતું અને ગાંઠ આખા પેટમાં ફેલાયેલી હતી તે દર્દી નું ઓપરેશન શ્રી જલારામ આરોગ્ય સેવા ટ્રસ્ટ મેઘરજ ના જનરલ સર્જન ડો ભરત પોંડે સર્પાલ તથા ગાયનેકોલોજીસ્ટ ડૉ. શ્રી કેયુર પ્રજાપતિ સાથે મળીને સફળતા પૂર્વક ઓપરેશન પાર પાડેલ અને દર્દી ને પેટજમાં થી ૮ કિલો ને ૪૦૦ ગ્રામ ની ગાંઠ કાઢી ને દર્દી ને આ મહારોગ માં થી છુટકારો આપેલ જે પ્રસાંસનીય અને હાલ દર્દી સલામત છે અને દર્દી ના સગા સબંધી એ જલારામ સેવા ટ્રસ્ટ ના તમામ સ્ટાફ નો ખૂબ ખૂબ આભાર વ્યક્ત કર્યો હતો.-અખંડ ભારત

# અદના વિદ્વાન લોકસેવક,સામાજિક,શૈક્ષણિક તેમજ રાજકીય નેતા શ્રી ફલજીભાઈ પટેલની નામાંકિત લાયબ્રેરી ખાતે નિમણૂક



ડી. કે.પટેલ - ઉત્તર ગુજરાતમાં આવેલ ભિલોડા તાલુકાના ચૌધરી સમાજના સારસ્વતમિત્ર અને કેળવણીકાર અને વર્ષોથી અમદાવાદ ખાતે શિક્ષણક્ષેત્રમાં જોડાયેલા શ્રી ફલજીભાઈ ગોકળદાસ પટેલની ગુજરાતની નામાંકિત લાઈબ્રેરી શેઠ માણેકલાલ જેઠાભાઈ પુસ્તકાલય એલિસબ્રિજ ખાતે આગામી ત્રણ વર્ષ માટે વિદ્વાન સભ્યશ્રી તરીકે નિમણૂક આપવામાં આવી છે. જે ખરેખર શિક્ષણ ક્ષેત્રે જોડાયેલા તમામ વડીલો અને યુવાનો માટે આનંદનો વિષય છે. માનનીય ફલજીભાઈ પટેલ સાહેબ એ જાણીતા વિદ્વાન કેળવણીકાર પણ છે. તેઓ શ્રી ભારતીય જનતા પાર્ટી કર્ણાવતી મહાનગર ની બાપુનગર વિધાનસભાના સંગઠન પ્રભારી છે તથા કર્ણાવતી બેંકના ડિરેક્ટર છે અને વિદ્યાનીકેતન ખોડિયાર નગરના ટ્રસ્ટી પણ છે. શિક્ષણસંકુલ સરદાર ચોક એજ્યુકેશન ના પણ ટ્રસ્ટી છે તથા જાણીતા સામાજિક આગેવાન પણ છે. આજણા ચૌધરી સમાજમાં ઉત્તર ગુજરાત અને ખાસ કરીને ભિલોડા શામળાજી પંથકમાં તે ખૂબ જાણીતુ વ્યક્તિત્વ ધરાવે છે. સતત લોકસેવા કરનાર શ્રીમાન ફલજીભાઈ સાહેબને ગામડાગામ થી અમદાવાદ ખાતે આવતા તમામ લોકોનો સધિયારો મળી રહે છે. ઉમદા વક્તા પણ છે તથા સામાજિક શૈક્ષણિક જગતના વ્યવસ્થાપક પણ છે.પોતાની શૈક્ષણિક સંસ્થાઓ ચલાવે છે. પોતે લોકસેવાઓ સાથે પણ અનેક વર્ષોથી જોડાયેલા છે. કોઈપણ કામ માટે મળવાનું થાય ત્યારે તેમના તરફથી ક્યારેય ના શબ્દ સાંભળવા મળતો નથી. અમદાવાદ સિવિલ હોસ્પિટલ સુધી ગરીબ દરદી ઓ માટે સતત લોકસેવાનું કાર્ય એમનું જોડાયેલું છે . એવા શ્રીમાન ફલજીભાઈ સાહેબને એમના કામની કદર સ્વરૂપે નામાંકિત વિદ્વાન સભ્ય તરીકે પ્રતિષ્ઠિત એમ જે લાઈબ્રેરીમાં નિમણૂક થઈ છે ત્યારે સૌએ તેમને શુભેચ્છાઓ પાઠવી છે અને સૌના માટે આનંદનો વિષય પણ બન્યો છે.ધન્યવાદ.....અખંડ ભારત

# "પેરાલિમ્પિક મેડલ અને અર્જુન એવોર્ડ જીતનાર ભારતના એકમાત્ર IAS અધિકારી યતિરાજ એટલે અવિશ્વસનીય વ્યક્તિત્વ"

(અંક નંબર ૩૮૨)

"આવ જિંદગી તને વધાવી લઉં મળ્યું છે કર્મમાં તેને સ્વીકારી લઉં'

જેવી મળી છે જિંદગી માની પ્રભુની પ્રસાદી તને સ્વીકારી લઉં....

કહે કોઈ અપંગ ભલે અમને પણ માની મનથી દિવ્યાંગ તને સ્વીકારી લઉં..

છે જેટલા સમ દુખિયા એ સૌને કળા પ્રભુની ઘણી સ્વીકારી લઉં...

મળે જો માનવીનો માત્ર નાનો ટેકો જેવી છે એવી જિંદગી સ્વીકારી લઉં...

મળે જો સધિયારો તો હિમાલય પણ નડતો નથી એ વાત સ્વીકારી લઉં...

ખાસ કારણે થયું છે અમારું અવતરણ એ સમજો તો જીવવું સ્વીકારી લઉં...

માનવતાની મહેંક પ્રસરાવવા મળી છે તક તમને માનશો એવું સ્વીકારી લઉં...

હશે 'અલખ'ની ઈચ્છા એમ સમજી કયાંક તન ની વાત સ્વીકારી લઉં...

આવ જિંદગી તને વધાવી લઉં મળ્યું છે કર્મમાં તેને સ્વીકારી લઉં'"

-બી. એસ. પટેલ'અલખ'

૨/૭/૨૫

મિત્રો,આજે વિશ્વ ખેલ પત્રકારિતા દિવસ છે. દુનિયાભરમાં રમતગમતના પ્રચાર-પ્રસાર માટે મીડિયા રિપોર્ટર્સની કામગીરીને બિરદારવા માટે દર વર્ષે વર્લ્ડ સ્પોર્ટ્સ જર્નાલિઝમ ડે ઉજવાય છે.આપણે વ્યક્તિ વિશેષ અંકમાં રમતગમત ક્ષેત્રે, શિક્ષણક્ષેત્રે અને વહીવટક્ષેત્રે એક એવા ઉમદા વ્યક્તિત્વની વાત કરવી છે કે જે પોતે દિવ્યાંગ છે પરંતુ પોતાની શારીરિક દિવ્યાંગતાને શ્રેષ્ઠ સિદ્ધિ તરફ લઈ જઈને, ભારતની અંદર અને વિશ્વમાં પોતાનું એક અનોખું વ્યક્તિત્વ ઊભું કર્યું છે તેવા મેધાવી પ્રતિભા ધરાવતા શ્રેષ્ઠ,ચપળ અને કુશળ અધિકારી સાહેબની....જે વિશ્વ ખેલ પત્રકારત્વને સાચા અર્થમાં સમર્પિત થશે...

"એક એવા સ્પોર્ટ્સ પર્સન જે ફેબ્રુઆરી ૨૦૨૩ થી ઉત્તર પ્રદેશ સરકારના યુવા કલ્યાણ અને પ્રાંતીય રક્ષક દળ વિભાગના સચિવ અને મહાનિર્દેશક તરીકે સેવા આપી રહ્યા છે" રમતગમતમાં અને ઉચ્ચ વહીવટી અધિકારી તરીકે ઢગલો એવોર્ડ, સન્માન,સિધ્ધિઓ સાથે ખ્યાતિ પ્રાપ્ત કરી ચુક્યા છે. પતિ- પત્ની બંને આઈએએસ કેડર ધરાવે છે.

સુહાસ લલિનાકેરે યતિરાજ (જન્મ ૨ જુલાઈ ૧૯૮૩) એક ભારતીય પેરા-બેડમિન્ટન ખેલાડી છે અને પુરુષોની સિંગલ્સમાં વિશ્વ નંબર ૧ છે. તેમણે ટોક્યો ૨૦૨૦ અને પેરિસ ૨૦૨૪ રમતોમાં સિલ્વર મેડલ જીત્યા હતા, આમ તેઓ આ રમતોમાં સતત મેડલ જીતનાર એકમાત્ર ભારતીય પેરા-બેડમિન્ટન ખેલાડી બન્યા.

"યતિરાજ ૨૦૦૭ બેચના ઉત્તર પ્રદેશ કેડરના **IAS** અધિકારી પણ છે , અને ગૌતમ બુદ્ધ નગર અને પ્રયાગરાજના જિલ્લા મેજિસ્ટ્રેટ તરીકે સેવા આપી ચૂક્યા છે . તેમણે ૨૦૧૮ માં રાષ્ટ્રીય પેરા બેડમિન્ટન ચેમ્પિયનશીપમાં સુવર્ણ ચંદ્રક જીત્યો હતો. તેઓ એક એન્જિનિયર પણ છે જેમણે નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી, સુરથકલમાંથી સ્નાતક થયા છે . તેઓ પેરાલિમ્પિક મેડલ અને અર્જુન એવોર્ડ જીતનાર ભારતના એકમાત્ર **IAS** અધિકારી છે."

૨૦૧૬ એશિયન પેરા બેડમિન્ટન ચેમ્પિયનશિપમાં, બેઈજિંગ , ચીનમાં, તેઓ વ્યાવસાયિક આંતરરાષ્ટ્રીય બેડમિન્ટન ચેમ્પિયનશિપ જીતનાર પ્રથમ ભારતીય અમલદાર બન્યા . જ્યારે તેઓ આઝમગઢના જિલ્લા મેજિસ્ટ્રેટ તરીકે સેવા આપી રહ્યા હતા ત્યારે તેમણે ફાઈનલમાં ઈન્ડોનેશિયાના હેરી સુસાન્ટોને હરાવીને ગોલ્ડ મેડલ જીત્યો. જ્યારે તેમણે ગોલ્ડ મેડલ જીત્યો ત્યારે તેઓ આંતરરાષ્ટ્રીય સ્તરે ધ્યાન ખેંચ્યા અને વૈશ્વિક સ્તરે ભારતનું પ્રતિનિધિત્વ કરનાર અને મેડલ જીતનાર પ્રથમ ભારતીય અમલદાર બન્યા.

ડિસેમ્બર ૨૦૧૬ માં, તેઓ ઉત્તર પ્રદેશના સર્વોચ્ચ નાગરિક સન્માન, યશ ભારતી , ના પ્રાપ્તકર્તા બન્યા , જે તેમને ૧ ડિસેમ્બર ૨૦૧૬ ના રોજ ઉત્તર પ્રદેશના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અખિલેશ યાદવ તરફથી પ્રાપ્ત થયું .

"૩ ડિસેમ્બર, વિશ્વ વિકલાંગતા દિવસના રોજ, તેમને પેરા સ્પોર્ટ્સમાં તેમના પ્રદર્શન માટે રાજ્ય સરકાર તરફથી એવોર્ડ મળ્યો .તેમની સત્તાવાર ક્ષમતામાં સેવા આપતી વખતે ઘણા પુરસ્કારો જીતવાનો તેમનો વિશિષ્ટ રેકોર્ડ પણ છે."

તેમને ઉત્તર પ્રદેશના રાજ્યપાલ દ્વારા ચૂંટણી સંબંધિત તેમના કાર્યો માટે , મહેસૂલ મંત્રી અને મહેસૂલ બોર્ડના અધ્યક્ષ દ્વારા મહેસૂલ વહીવટ સંબંધિત ફરજો માટે પુરસ્કાર આપવામાં આવ્યો છે . સુહાસને પેરા ચેમ્પિયન્સ પ્રોગ્રામ દ્વારા ગોસ્પોર્ટ્સ ફાઉન્ડેશન દ્વારા પણ ટેકો મળે છે.

""સુહાસના લગ્ન રીતુ સુહાસ સાથે થયા છે, જેમને મિસિસ ઈન્ડિયા ૨૦૧૯ સ્પર્ધામાં મિસિસ યુપી તરીકે પસંદ કરવામાં આવ્યા હતા તેઓ પણ હાલમાં ગાઝિયાબાદમાં એડીએમ (એડમિનિસ્ટ્રેશન) તરીકે પોસ્ટ કરાયેલા પીસીએસ અધિકારી છે. તેમની પત્નીને પણ સામાન્ય ચૂંટણીઓમાં મતદાતા જાગૃતિમાં ઉત્તમ કાર્ય માટે પુરસ્કાર આપવામાં આવ્યો છે."

અર્જુન એવોર્ડ (ખેલ રત્ન પછી બીજો સર્વોચ્ચ રમત પુરસ્કાર) (૨૦૨૧) એનાયત કરાયો, યશ ભારતી દ્વારા યુપીનું સર્વોચ્ચ નાગરિક સન્માન. (૨૦૧૬) , ૩ ડિસેમ્બર ૨૦૧૬ ના રોજ લખનૌમાં વિશ્વ વિકલાંગતા દિવસ પર ઉત્તર પ્રદેશ સરકાર દ્વારા શ્રેષ્ઠ પેરા સ્પોર્ટ્સપર્સન ૬ જાન્યુઆરી ૨૦૧૭ ના રોજ લખનૌમાં પીબીએલ ( પ્રીમિયર બેડમિન્ટન લીગ ) દરમિયાન પ્રમુખ બીએઆઈ ( બેડમિન્ટન એસોસિએશન ઓફ ઈન્ડિયા ) દ્વારા સ્મૃતિચિહ્ન સન્માન.રાષ્ટ્રીય રમત દિવસ , ૨૦૧૭ (૨૯ ઓગસ્ટ, ૨૦૧૭) ના રોજ , તેમને દેશ માટે આંતરરાષ્ટ્રીય મેડલ જીતવા બદલ માનનીય મુખ્યમંત્રી, યુપી દ્વારા વિશેષ પુરસ્કાર આપવામાં આવ્યો હતો અને ૧૦ લાખ રૂપિયાનું રોકડ ઈનામ અને પ્રશંસા પ્રમાણપત્ર પણ પ્રાપ્ત થયું હતું. ૨૦૧૬ માં, તેમને યુપીનો સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર યશ ભારતી મળ્યો. પ્રધાનમંત્રી જન ધન પુરસ્કારમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન માટે પ્રધાનમંત્રી પુરસ્કાર માટે શોર્ટલિસ્ટ થયેલ, કુપોષણ કા દર્પણ અને ગર્ભાવસ્થા કા દર્પણ માટે મોબાઈલ એપ્લિકેશન વિકસાવી, જે કુપોષિત બાળકો અને સગર્ભા માતાઓને મદદ કરે છે. સામાન્ય ચૂંટણીઓ દરમિયાન દિવ્યાંગ મતદારોને મદદ કરવા માટે મોબાઈલ એપ્લિકેશન વિકસાવી, વહીવટમાં ઉત્તમ કાર્ય માટે યુપી સરકારના મહેસૂલ મંત્રી અને મહેસૂલ બોર્ડના અધ્યક્ષ દ્વારા પુરસ્કાર,

ચૂંટણી સંબંધિત કાર્યમાં સારા પ્રદર્શન માટે માનનીય રાજ્યપાલ યુપી દ્વારા પુરસ્કાર

આઝમગઢના જિલ્લા મેજિસ્ટ્રેટ તરીકેના તેમના કાર્યકાળ દરમિયાન , તેમને સિવિલ સર્વિસીસ ડે, ૨૦૧૬ ના રોજ પીએમ જન ધન યોજનામાં અનુકરણીય કાર્ય માટે પ્રધાનમંત્રી પુરસ્કાર માટે પણ શોર્ટલિસ્ટ કરવામાં આવ્યા હતા.

ભગવાન કોઈને થોડીક શારીરિક કમી આપે છે તો તો સામે પક્ષે સફળતાઓ અને સિધ્ધિઓ પણ આપે છે.એક એવું અનોખું વ્યક્તિત્વ કે જે શારીરિક રીતે દિવ્યાંગ હોવા છતાં માનસિક રીતે એટલી બધી સફળતાઓ પણ પ્રાપ્ત કરી શકે જે ખરેખર આશ્ચર્યચકિત કરી દે તેવું પણ છે...ધન્ય છે પરમકૃપાળુ પરમાત્માની કૃપાને અને અહોભાગ્ય છે એવા લોકો કે જેઓ આટલી બધી વિશાળ સફળતાઓ, સિદ્ધિઓ પ્રાપ્ત કરી શકતા હોય છે. અચરજ પમાડે તેવા ઉમદા વ્યક્તિત્વને ભગવાનની કૃપા સમજવી રહી ...રામે રામ

મેનેજિંગ તંત્રી



શ્રી બી.એસ પટેલ
અખંડ ભારત દૈનિક ન્યુઝ
ગાંધીનગર.ગુજરાત.

# પીપલોદમાં નિવૃતિ વિદાય અને સન્માન સમારોહ યોજાયો



વિપુલકુમાર બારીયા - દેવગઢ બારીયાના પીપલોદ પોલીસ સ્ટેશનમા એએસઆઈ તરીકે ફરજ બજાવતા શ્રી રૂપસિંહભાઈ સબુરભાઈ તથા એએસઆઈ રમેશભાઈ શંકરભાઈ ના લાંબી સરકારી સેવા પછી ૩૦- ૬-૨૦૨૫ ના રોજ નિવૃત્ત થતા હોય તેઓનો નિવૃત્તિ વિદાય સન્માન સમારોહ પિપલોદ પોલીસ સ્ટેશન ખાતે તારીખ ૩૦-૬-૨૦૨૫ ના રોજ યોજવામાં આવ્યો હતો . આ સન્માન સમારોહમાં પીપલોદ પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ જી.બી રાઠવા સાહેબ, એએસઆઈ અનિલભાઈ, જમાદાર પ્રદીપભાઈ રાઠોડ તેમજ પીપલોદ પોલીસ સ્ટેશનના પોલીસ સ્ટાફ,હાજર રહ્યા અને નિવૃત જીવન માટે ખૂબ સારી શુભેચ્છાઓ પાઠવી હતી.-અખંડ ભારત

# હિંમતનગરમાં જ્યોત પાઠ યોજાયો



સંજીવ કુમાર શર્મા-મકવાણા રાજેન્દ્રભાઈ - હિંમતનગર શહેરમાં રામબાગ સોસાયટીમાં અડાઠમ જથ નાયી કેળવણી મંડળ લિંબચધામમાં રાજ રાજેશ્વરી લીબચ માતાજી ના મંદિરમાં સમાજવાડી ખાતે રામદેવપીર ભગવાનનો ત્રેત્રીસ જ્યોતિ પાઠ અને પાઠ ના ગાદીપતિ સલાલ રામદેવપીર મંદિર મહંત હરીચરણદાસ મહરાજ ઉપસ્થિત રહી જ્યોત પ્રગટાવી સંતવાણી પાઠનું આયોજન કરતા આ પ્રસંગે સમાજના અગ્રણીઓ,દાતાઓ,જ્ઞાતિબંધુઓ અને ભક્તો ઉપસ્થિત રહી દેવ દર્શન અને પ્રસાદીનો લાભ લઈ ધન્ય બન્યા હતા.-અખંડ ભારત

# શ્રીમતી એસ.કે.બોરલાઈવાલા પીટીસી કોલેજમાં પ્રવેશોત્સવ યોજાયો



ધોડી વિરેન્દ્રભાઈ

ઉમરગામ તાલુકાના શ્રીમતી સરસ્વતીબેન કનૈયાલાલ બોરલાઈવાલા મ.અ.મંદિર પીટીસી કોલેજમા પ્રથમવર્ષે ની તાલીમાર્થી બહેનો ને આવકારવા માટે પ્રવેશોત્સવ ઉજવાયો. પ્રસ્તુત સમારંભ ના પ્રમુખ શ્રી પંકજભાઈ બોરલાઈવાલા ના અધ્યક્ષપણા હેઠળ સંપૂર્ણ કાર્યક્મનો શુભારંભ થયો.જેમા મુખ્ય મહેમાન સરપંચ શ્રી સુભાષભાઈ ધોડી,પંકજ ભાઈ બોરલાઈવાલા, કોલેજ ના આચાર્ય શ્રી દિના બેન,બોરલાઈ શાળા ના નિવૃત્ત આચાર્ય ચંદુભાઈ, માનવતા મહેમાન શ્રી રતિલાલભાઈ, શ્રી વસંતભાઈ,ગામ ના અગ્રણી શ્રી રણજીતસિહ ચૌહાણ,શ્રી પ્રિયંકા બેન અંકિતા બેન,વાલીમિત્રો અધ્યાપકો મિત્રો અને તાલીમાથી બહેનો ના ઉપસ્થિતિમાં કાયૅક્રમ આયોજિત થયો.તાલીમાથી બહેનો ને કુમકુમ તિલક કરી અને વાજતે ગાજતે રાષ્ટ્રગીત સાથે કાર્યક્રમ પૂર્ણ કરાયો હતો.-અખંડ ભારત

# ઠાસરામાં મગરનું રેસ્ક્યુ કરાયું

રાઠોડ વસંત - ઠાસરા ગામ ના સ્થાનિક ખેડૂત દ્વારા ડાકોર નેચર ચેરીટેબલ ટ્રસ્ટના હેલ્પ લાઈન નંબર પર ફોન કરી જાણ કરવામાં આવી હતી કે ઠાસરા ગામ માં કેનાલ પાસે અમારા ખેતરમાં એક મોટો મગર આવી ગયો છે જાણ થતા સંસ્થા દ્વારા ઠાસરા વન વિભાગના અધિકારી ને જાણ કરી હતી જાણ થતા ની સાથે ટીમ મગર નું રેસ્ક્યૂ કરવામાં માટે રેસ્ક્યુ ના સાધનો સાથે ગણતરી ની મિનિટો માં સ્થળ પર પહોંચી જોતા ખેતર માં ઝાડી ની પાસે એક ૭ નો મગર આવી ગયો છે ત્યાર બાદ રેસ્ક્યુ ની કામગીરી શરૂ કરવામાં આવી હતી અંદાજિત ૨૦ મિનિટ ની ભારે જહેમત બાદ મગર ને દોરડા અને બીજા બચાવ ના સાધનો દ્વારા રેસ્ક્યુ કરવામાં આવ્યું હતું ત્યાર બાદ મગર ને તેના કુદરતી આવાસ માં પુનઃવસવાટ માટે મુક્ત કરવામાં આવ્યો હતો .-અખંડ ભારત



# નરોડામાં ચોપડા વિતરણ કરાયું



દશરથ ભાઈ પ્રજાપતિ - તાજેતરમાં નરોડાની લિટલ ચાઈલ્ડ શાળામાં જય હિન્દ મિત્ર મંડળ દ્વારા બાળકોને ફ્રી ચોપડા વિતરણનો એક શાનદાર કાર્યક્રમ યોજાયો હતો. સદર કાર્યક્રમમાં મુખ્ય પ્રમુખ સ્થાને મણીનગર વિસ્તારના પ્રભારી તેમજ એએમટીએસના પૂર્વ ચેરમેન શ્રી વલ્લભભાઈ પટેલ (નરોડા) ઉપસ્થિત રહ્યા હતા.અન્ય મહાનુભાવોમાં અતિથિ વિશેષ તરીકે માનવ અધિકાર ફાઉન્ડેશન અમદાવાદના અધ્યક્ષ શ્રી દશરથભાઈ પ્રજાપતિ ઉપસ્થિત રહ્યા હતા તેમજ ચોપડા વિતરણના મુખ્ય દાતા શ્રી રમેશભાઈ સીમ્પી (પ્રમુખ. વાલી મંડળ) , ભાજપ મંત્રી એડવોકેટ શ્રી ઉર્વશીબેન ચાવડા, વસંત વિહાર સોસાયટીના વાઈસ ચેરમેન શ્રી રમેશભાઈ પટેલ, પૂર્વ શિક્ષક - સામાજિક કાર્યકર શ્રી સવધાનજી ઠાકોર (વસંતવિહાર સોસાયટી) તેમજ શાળાગણ અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. શાળાના સંચાલક શ્રી પંકજભાઈ જોશીએ સૌનું ફુલહારથી સ્વાગત -સન્માન કર્યુ હતું.-અખંડ ભારત

# સેપક ટકરાવ જુનિયર ચેમ્પિયનશિપ માં ભાઈઓની ટીમ ચેમ્પિયન બની




સેપક ટકરાવ એસોસિયેશન ઓફ ગુજરાત દ્વારા આયોજિત તારીખ ૨૮ જૂન ૨૦૨૫ ના શનિવાર ના રોજ શેઠ જી.એસ હાઈસ્કૂલ વસાઈ-(ડા) જિ. મહેસાણા ખાતે સેપક ટકરાવ જુનિયર ચેમ્પિયનશિપ માં ભાઈઓમાં બનાસકાંઠા જિલ્લાની એન્જલ સ્કૂલ ડીસા ચેમ્પિયન બની તેમજ બહેનોમાં મહેસાણા જિલ્લાની એમ.કે.વ્યાસ હાઈસ્કુલ ચેમ્પિયન બનતાં ખેલાડીઓને સેપક ટકરાવ એસોસિએશનના પ્રમુખશ્રી વસંતભાઈ પટેલ દ્વારા તમામ ખેલાડીઓ ને તથા કોચ/મેનેજર તથા ઓફિસિયલ ને ખૂબ ખૂબ અભિનંદન આપ્યા તેમજ સ્પર્ધાનુ આયોજન કરનાર સંસ્થા નો ખૂબ ખૂબ આભાર માન્યો હતો.

# પીપલોદમાં કળશ રથનું સ્વાગત કરાયું



વિપુલ કુમાર બારીયા- જ્યોતિ પર્વ નિમિત્તે અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર દ્વારા પં.શ્રી રામ શર્મા આચાર્યશ્રીએ પ્રગટાવેલ અખંડ દિપકના તથા માતા ભગવતી દેવી શર્માના જન્મ શતાબ્દીના ભાગ રૂપે સમગ્ર દેશમાં જ્યોતિ કળશ રથ પરિભ્રમણ કરી રહ્યો છે,જે સોમવારના રોજ પીપલોદ ગામમાં આવતાં રાજુભાઈ સોની તથા ગાયત્રી પરિવાર દેવગઢ બારીયા દ્વારા ૫૧ કળશો ધરાવતી કન્યાઓ દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું તથા તેજસ વિધાલય ખાતે જ્યોતિ કળશ રથ નું સ્વાગત કરવામાં આવ્યું જેમાં રાજુભાઈ સોની,કમલ હાઈસ્કૂલ ના આચાર્ય તથા તેજસ વિદ્યાલયના ૩૦ શિક્ષક ભાઈ બહેનો તથા તેજસ વિધાલય તથા કમલ હાઈસ્કુલના ૧૮૦૦ જેટલા વિધાર્થી ભાઈ બહેનોને આ જ્યોતિકળશ રથના દર્શનનો લાભ લીધો અને ત્યારબાદ જ્યોતિકળશ રથના પૂજન કરવામાં આવ્યું અને ૧૦૮ દીપકો દ્વારા મહાઆરતીનું આયોજન કરવામાં આવ્યું હતું તથા શાંતિકુંજ હરિદ્વારના માર્ગદર્શનમાં આવેલ પ્રતિનિધિ દ્વારા ગાયત્રી મંત્ર તથા જ્યોતિકળશરથનો દિવ્યસંદેશો આપવામાં આવ્યો.જેમાં સૌ ભાઈ-બહેનોને પં.શ્રી રામ શર્મા આચાર્ય દ્વારા લેખિત ૩૨૦૦ જીવનુપયોગી પુસ્તક વિશે જણાવવામાં આવ્યું તથા મનુષ્યમાં દેવત્વનો ઉદય થાય તે હેતુથી ગીતાના સારરૂપી નવયુગના સંવિધાનની પત્રિકાઓ વહેંચવામાં આવી અને અંતે શાંતિપાઠ દ્વારા કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યું.આમ,આ જ્યોતિકળશ રથ દ્વારા સાતયુગની વાપસી અને માનવમાં દેવત્વનો ઉદય અને સદવિચારોનો વિકાસ કરવાનો દિવ્ય સંદેશ પ્રાપ્ત થયો.

# તુરખા ખાતે સાધારણ સભા યોજાઈ

માતરિયા મનહરભાઈ - તુરખા મુકામે આંતરરાષ્ટ્રીય સહકારી વર્ષ ૨૦૨૫ અંતર્ગત શ્રી તુરખા ગ્રુપ ખે. વિ વિ સે સહ મંડળી લી. ની મોડેલ સાધારણ સભા નું આયોજન કરવા માં આવેલ જેમાં મંડળી ના પ્રમુખશ્રી તમામ વ્ય. કમિટી સભ્ય શ્રીઓ જિલ્લા રજીસ્ટાર કચેરી ના પ્રતિનિધિ બાબુભાઈ સડવા ભાવનગર ડી કો ઓપ બેન્ક ના આસી મેનેજર મનહરભાઈ કેવડીયા તુરખા બ્રાન્ચ ના મેનેજર શ્રી તથા ક્રમચારી શ્રી ઓ હાજર રહેલ તેમજ મંડળી ના કાર્યક્ષેત્ર ના સભાસદો ની હાજરી માં મંડળી ની સાધારણ સભાની કાર્યવાહી કરવા માં આવેલ જેમાં મંડળી એ વર્ષ ૨૦૨૪-૨૦૨૫ ના વર્ષ માં કુલ નફો ૮૨૩૯૭૧/- કરેલ મંડળી સભાસદો ને ૫% ડિવિડન્ડ આપવા ની જાહેરાત કરેલ તેમજ મંડળી ની વ્ય. કમિટી ની આગામી પાંચવર્ષ માટે પ્રમુખશ્રી મનહરભાઈ દામજીભાઈ માતરીયા ની છેલ્લા ૨૫ વર્ષથી પ્રમુખ તરીકે ની આગેવાની હેઠળ બિનહરીફ વરણી કરવા માં આવેલ જેમાં નીચે મુજબ ના સભ્યો ની નિમણૂક કરવામાં આવેલ તેમજ વૃક્ષારોપણ નું આયોજન કરવામાં આવ્યું હતું.નિમણૂંક કરાયેલ સભ્યોમાં ૧.મનહરભાઈ દામજીભાઈ માતારિયા ૨. ઈશ્વરભાઈ નારણભાઈ માથોળીયા૩.નારણભાઈ કાનજીભાઈ માંગુકિયા ૪. રામશીભાઈ ઘુઘાભાઈ બલ્યા ૫.રણજીતભાઈ વાસકુરભાઈ ખાચર ૬. નાનજીભાઈ સામતભાઈ પરમાર ૭. નાજાભાઈ ભુરાભાઈ મોરી૮.ગણપતભાઈ નાગરભાઈ ચાવડા ૯. ગીતાબેન પ્રવીણભાઈ ભલગામિયા ૧૦. નાગભાઈ કાથડભાઈ ભોજક ૧૧. રમેશભાઈ મનજીભાઈ સોરઠિયાનો સમાવેશ થાય છે.-અખંડ ભારત



# શહેરામાં ગટર લાઈનની કામગીરીથી સ્થાનિકો પરેશાન



લુહાર મોહસિન્હુસેન - પંચમહાલ જિલ્લાના શહેરા શહેરમાં આરોગ્ય કેન્દ્રથી સ્કૂલ અને પોલીસ સ્ટેશન તરફ જતો મુખ્ય માર્ગ હાલમાં અત્યંત ખરાબ હાલતમાં પહોંચી ગયો છે. નગર પાલિકા દ્વારા ગટર લાઈન નાખવાની કામગીરી દરમિયાન માર્ગ ખોદવામાં આવ્યો હતો, પરંતુ ત્યાર પછી કામગીરી અધૂરી છોડી દેવામાં આવી છે, જેના કારણે આખો રસ્તો કાદવમય બની ગયો છે.માર્ગમાં કાદવ અને પાણી ભરાવા કારણે વાહનચાલકો, પદયાત્રીઓ, તેમજ પોલીસ સ્ટેશન જતાં પોલીસ કર્મચારીઓએ ખુબ મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. ખાસ કરીને બાળકો, વૃદ્ધો અને પોલીસ સ્ટાફને ખૂબ જ મુશ્કેલી પડી રહી છે. વરસાદની ઋતુમાં હાલત વધુ વણસી છે.-અખંડ ભારત

# "હમારા વિદ્યાલય હમારા તીર્થ" અભિયાન અખિલ ભારતીય કાર્યશાળા કર્ણાવતી ખાતે સંપન્ન



મિતેશકુમાર પટેલ -

અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ (ABRSM) દ્વારા શિક્ષણ ક્ષેત્રે એક અનોખી અને મહત્ત્વપૂર્ણ પહેલ હમારા વિદ્યાલય હમારા તીર્થ કાર્યશાળાનો કર્ણાવતી ખાતે પ્રારંભ.આ કાર્યશાળામાં સમગ્ર ભારતમાંથી ૬૦થી વધુ પદાધિકારીઓની ઉપસ્થિતિ રહી.ઉદ્ઘાટન સત્રમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના અખિલ ભારતીય બૌધિક પ્રમુખ સુનિલભાઈ મહેતા, રાષ્ટ્રીય અધ્યક્ષ નારાયણલાલ ગુપ્તા, રાષ્ટ્રીય સંગઠન મંત્રી મહેન્દ્ર કપૂર, 'હમારા વિધ્યાલય હમારા તીર્થ' આયામ પ્રમુખ ભગવતીપ્રસાદની વિશેષ ઉપસ્થિતિ રહી. કાર્યશાળાને સંબોધન કરતાં સુનિલભાઈ મહેતા દ્વારા શિક્ષણને સ્વયં પ્રેરણાથી ગુણવત્તાયુકત આ અભિયાનને પ્રત્યેક શાળા સુધી પહોંચાડવા આહ્વાન કરવામાં આવ્યું.આ અભિયાન શાળાઓમાં મૂલ્યનિષ્ઠ શિક્ષણ આપી, સંસ્કાર અને સંસ્કૃતિ સભર વાતાવરણનું નિર્માણ કરીને શાળાઓને તીર્થ સમાન બનાવવાનો ભગીરથ પ્રયાસ છે. આ અભિનવ સંકલ્પ દેશભરમાં શાળાઓને તીર્થ બનાવામાં મદદરૂપ થશે.અખિલ ભારતીય કક્ષાએ ૧૧૦૦૦ શાળાઓ, ગુજરાતમાં પ્રારંભિક તબક્કે ૧૦૦૦ શાળાઓને આ પહેલમાં જોડવા માટે પ્રોત્સાહિત કરવામાં આવશે.-અખંડ ભારત

# રૂપાલ નજીક આઈશર ટ્રકની ગુલાંટ



કુંવરસિંહ ચૌહાણ - હિંમતનગર તાલુકાના રૂપાલ ચાર રસ્તા પાસે એક ગમખ્વાર અકસ્માત સર્જાયો ગાંભોઈ રણાસણ રોડ પર આવેલ રૂપાલ ચોકડી પાસે મકાઈ ના ઢૂંઢા ભરેલી આઈસર ગાડી પલટી મારી ગઈ હતી વહેલી સવારે રોડ પર બનાવેલો બંપ ડ્રાઈવર ને ન દેખાતાં સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવતાં જેના પરિણામે ગાડી રોડ સાઈડમાં પીપળાના ઝાડ સાથે ધડાકાભેર અથડાતાં પલટી મારી ગઈ હતી આઈસર વડાલી થી પશુઓના ચારા ભરી મકાઈના ઢૂંઢા ભરીને કઠલાલ તરફ જઈ રહી હતી સદનસીબે આઈસર માં સવાર ૬ લોકો માંથી બે લોકો ને નાની મોટી ઈજાઓ પહોંચી હતી-અખંડ ભારત

# હિંમતનગરમાં અનંતેશ્વર મહાદેવ મંદિર હટાવવા મુદ્દે હિન્દુ સંગઠનોનો વિરોધ





કુંવરસિંહ ચૌહાણ- સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર શહેર ખાતે સહકારી જીન વિસ્તારમાં આવેલ અનંતેસ્વર મહાદેવ મંદિર ને હટાવવા સામે સ્થાનિક લોકો અને હિન્દુ સંગઠનનો વિરોધ પરીસ્થીતી કાબૂમાં લેવા માટે પોલીસ કાફલો ઘટના સ્થળે બોલાવવો પડ્યો હતો હિંમતનગર શહેર ના સહકારી જીન વિસ્તારમાં આવેલ અનંતેસ્વર મહાદેવ મંદિર ને દબાણમાં ગણી અને હિંમતનગર નગરપાલિકા ની ટીમે હટાવવાની કામગીરી શરૂ કરતાં જેને લઈને સ્થાનિક લોકો ત્યાં પહોંચી ગયા હતા અને રોસે ભરાયા હતા તો હિન્દુ સંગઠના લોકો પણ ત્યાં મોટીસંખ્યામાં પહોંચી ગયા હતા અને આ મંદિર ના ડીમોલેસન નો વિરોધ કર્યો હતો તો હિંમતનગર નગરપાલિકા ના રામ ના નામે વોટ માંગતા કોર્પોરેટરો ને પણ ત્યાં બોલાવવામાં આવ્યા હતા અને તે લોકો નો પણ સહકાર માંગવામાં આવ્યો હતો હિંમતનગર નગરપાલિકા ના ચીફ ઓફિસર ગઠવી પણ ઘટના સ્થળે દોડી આવ્યા હતા તો લોકો ના ટોળે ટોળા મોટી સંખ્યામાં ભેગા થઈ જતાં ટ્રાફિકજામ થઈ ગયો હતો.-અખંડ ભારત

# "અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકામાં આવેલ બામણવાડ ગામે યોજાયો ભવ્ય પ્રવેશોત્સવ "

ધવલ શર્મા - શ્રી બામણવાડ માધ્યમિક શાળા અને પ્રાથમિક શાળાના ઉપક્રમે કન્યા કેળવણી અને પ્રવેશોત્સવ યોજવામાં આવ્યો, આ પ્રસંગે ગુજરાત રાજ્યના નાગરિક અને અન્ન પુરવઠા તથા સામાજિક ન્યાય અધિકારીતા મંત્રી શ્રી પરમાર અધ્યક્ષ સ્થાને હતા તેમની સાથે પી. એ. શ્રી સોની સાહેબ,માહિતી અધિકારી શ્રી રેશ્માબેન સાથે જિલ્લાના અધિકારીઓ પણ જોડાયા હતા .લાઇઝન અધિકારી દિનેશભાઈ અને નિરવભાઈ પણ મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા. મંડળના મંત્રીશ્રી દયારાભાઈ તથા સભ્યશ્રી વાલજીભાઈ, સરપંચશ્રી રોહિતભાઈ પ્રાથમિક શાળા એસએમસીના અધ્યક્ષ શ્રી કનુસિહ બી. જાડેજા તથા શિક્ષણ વિદ્ સુરેશભાઈ પટેલ ,આંગણવાડીની બહેનો, બંને શાળાઓના આચાર્યશ્રીઓ સાથે સમગ્ર સ્ટાફ, મોટી સંખ્યામાં ગ્રામજનો, વાલીઓ અને બાળકો ઉપસ્થિત રહ્યા હતા. શાળાના આચાર્યશ્રી એન બી પટેલ દ્વારા મહેમાનોનું શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ આંગણવાડી, બાલવાટીકા, ધોરણ એક તથા નવના વિદ્યાર્થીઓને કુમકુમ તિલકથી પ્રવેશ આપવામાં આવ્યો હતો . શાળામાં શ્રેષ્ઠ પરિણામ લાવનાર ૩ થી ૧૦ ના વિદ્યાર્થીઓને પ્રોત્સાહન ઈનામો પણ આપવામાં આવ્યા હતા. મંત્રીશ્રી દ્વારા નવીન પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ અને શાળાના તમામ વિદ્યાર્થીઓને શિક્ષણ વિશે જીવન સફળ બનાવવા વિશે શિખામણ આપવામાં આવી હતી સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રજાપતિ તિથિ પરમાર શૌર્ય અને શિક્ષક શ્રી જીતુભાઈ મકવાણા દ્વારા કરવામાં આવ્યું હતું. શાળાના તમામ સ્ટાફ મિત્રોએ સખત મહેનત કરી અને માઈક્રો પ્લાનિંગ દ્વારા આ




કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. મંડળના તમામ સભ્યો ગ્રામજનો ની ઉપસ્થિતિમાં મંત્રીશ્રી દ્વારા વૃક્ષારોપણ પણ કરવામાં આવ્યું હતું. વિનયભાઈ, આશાબેન, ફાલ્ગુનિ બેન, અરવિંદભાઈ, પ્રિયંકાબેન, કામિનીબેન,મ તથા શાળાના મદદનીશ શિક્ષક શ્રી જયેશભાઈ પટેલ અને શાળાના આચાર્યશ્રી દ્વારા માહિતી પૂરી પાડવામાં આવી હતી... અખંડ ભારત

# ઝાલોદના તેતરીયામાં વિજ પોલ ધરાશયી



પપુભાઈ ડામોર - ઝાલોદ તાલુકાના તેતરીયા ગામે પાણી પુરવઠા વિભાગ દ્વારા ના ટાકા પર એમજીવીસીએલ દ્વારા લાઈટ કનેક્શન ની લાઈન પ્રથમ પાણીના વાવાઝોડા મા પાંચ થી સાત વિજપોલ ધરાશયી થવા પામ્યા છે.મળતી માહિતી મુજબ ઝાલોદ તાલુકાના તેતરીયા ગામે પાણીપુરવૅઠા વિભાગ દ્વારા બનાવેલ પાણી સંગ્રહની ટાકીમા લાઈટ ના કનેક્શન માટે નાખવા માં આવેલ વિજ પોલ જમીનમા ફકત એક જ ફૂટ જેટલી ઉડાઈએ રોપતા અને કોન્ટ્રાકટર ની તદ્દન નિષ્કાળજી ના કારણે વિદ્યુત બોડૅને ભારે નુકશા થવા પામ્યું હતું જેમા પાંચ થી સાત પોલ વાવાઝોડા ના કારણે પડી ગયેલ જેના કારણે વિદ્યુત બોડૅને ભારે નુકશાન વેઠવાનો વારો આવ્યો છે.-અખંડ ભારત

# નકટીયાહનવતમાં વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો

ધિસારામ ચૌધરી - આહવા ડાંગ જિલ્લાના નકટીયાહનવત માં વૃક્ષારોપણ રોપના વિતરણ કરવામાં આવેલા હતા. ભાઈ -૩૦ અને બહેનો :- ૧૫ એમ કુલ- ૪૫ સખ્યા હાજર રહ્યા હતા. સેમિનારમાં પહેલા ભાવગીત ગીત પછી પરિચય પછી શ્રી તુલસીભાઈ માવાણી ડો.આંબેડકર વનવાસી કલ્યાણ ટ્રસ્ટ ,સુરતના પ્રમુખ હાજર રહ્યા હતા પર્યાવરણ,પાણી ,જમીન,હવા, ચર્ચા કરવામાં આવેલી હતી માન્ય શ્રી તુલસીભાઈ માવાણી સાહેબ તેમજ શ્રી મારુતિ ગ્રામ વિકાસ સમિતિ નકટીયાહનવત દ્વારા નાનો પ્રોજેક્ટ છે.એના ભાગ રૂપે રોપાની માહિતી આપવામાં આવેલ હતી.ઝાડના પાંચ રોપા વિતરણ કરવામાં આવેલ હતા. પોતાના વાડામાં લગાવવાના છે, વૃક્ષારોપણ પોતાના ધરના આજુ



બાજુ લગાવામાં આવેલ હતા. નોન વોટર શેડ ભાગ રૂપે ,૧) પાણી ટાંકી ,કોકણ જલકુંડ , મુલાકાત કરવામાં આવેલી હતી ત્યાર પછી મંદિરના બાજુમાં પાણીની ટાંકી બનાવવામાં આવેલ છે ભૂગર્ભ એને પણ મુલાકાત કરવામાં આવેલ હતી ત્યાર પછી આ મીટીંગ પૂર્ણ કરવામાં આવેલ હતી ત્યાર પછી એમાં શ્રી મારુતિ ગ્રામ વિકાસ સમિતિ નકટીયાહનવત સભ્યો દ્વારા પણ માહિતી રોપા મહત્વ સમજાવવામાં આવેલ હતા. એમાં ભાઈ અને બહેનો હાજર રહ્યા હતા સેવાધામના કાર્યકર્તા હાજર રહ્યા હતા આ પ્રસંગે ડો.આંબેડકર વનવાસી કલ્યાણ ટ્રસ્ટ,સુરતના પ્રમુખ હાજર રહ્યા હતા. વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. સેવાધામ કાર્યકરતા. શ્રી છગનભાઈ ડી ચૌર્યા શ્રી પ્રવીણભાઈ , હાજર રહ્યા હતા.-અખંડ ભારત

# રીદ્રોલમાં પ્રવેશોત્સવ યોજાયો



સુનિલ પટેલ - જ્યોતિ વિદ્યાલય રીદ્રોલ મુકામે તારીખ ૨૭ ૬ ૨૦૨૫ શુક્રવારના રોજ શાળા પ્રવેશોત્સવ તેમજ કન્યા કેળવણી મહોત્સવ નું ખુબ સુંદર આયોજન કરવામાં આવ્યું જેમાં જિલ્લા કક્ષાના અધિકારીઓ, તાલુકા કક્ષાના અધિકારીઓ, નવચેતન મંડળના પદાધિકારીઓ તેમજ રીદ્રોલ ગામના મહાનુભાવો એ હાજરી આપી હતી... જેમાં આંગણવાડી, ધોરણ ૧, ધોરણ ૯, અને ધોરણ ૧૧ ના વિદ્યાર્થીઓને શિક્ષણમાં ઉપયોગી કીટ આપી શાળા પ્રવેશોત્સવ કરાવવામાં આવ્યોહતો.-અખંડ ભારત

# વાવમાં ઈનામ વિતરણ કાર્યક્રમ



પરમાર દિવ્યેશકુમાર - તલોદ તાલુકામાં આવેલ વાવ ગામે વિરેશ્વર મહાદેવ મંદિર ખાતે તેજસ્વી તારલાઓને ઈનામ વિતરણ અને વીરબાવજીના હસ્તે ધોરણ ૧૨ માં ૯૫% થી ઉર્તિર્ણ થનાર ચાંદખેડા નિવાસી પરમાર વંશિકા મનોજભાઈ ને એકટીવા આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા.-અખંડ ભારત

# ઘાસીયા નજીક પીક-અપ વાહનની ટક્કરે બાઈક ચાલકનું મોત

પપુભાઈ ડામોર - ઝાલોદ તાલુકાના કાકરાકૂવા ગામના શૈલેશભાઈ ઘાસીયા કબ્જાની બાઈક દિનેશ કિશોરી નજીકથી પોતાના લઈને પસાર થઈ રહ્યા હતા.ત્યારે અજાણ્યા પીક-અપ વાહનના ચાલકે અડફેટમાં લઈ જોદરાર ટક્કર મારતા ગંભીર રીતે ઈજાનો ભોગ બનેલ બાઈક ચાલકનું કરૂણ મોત નિપજતાં મૃતકના પરિવારજનોમાં શોકની કાલિમાં છવાઈ જવા પામી છે.-અખંડ ભારત



# માલવણમાં ગંદકીનું સામ્રાજ્ય



જતિન જોષી - માલવણ ગામમાં ચોમાસા દરમ્યાન વરસાદી પાણીનો નિકાલ ન થતાં ઠેરઠેર નીચાણવાળા વિસ્તારોમાં ભરાઈ રહેતા વરસાદી પાણીને લઈને કાદવ-કિચડનું સામ્રાજ્ય થતાં ગંદકી પ્રસરી છે.જાહેર માર્ગ ઉપર થયેલ ગંદકીને ગામ પંચાયયત દ્વારા દૂર કરવામાં આવે તેવી સ્થાનિક ગામજનોની માંગ ઉઠી છે.-અખંડ ભારત

# સુપોષિત દાહોદ અંતર્ગત C-MAM તાલીમ યોજાઈ

ICDS દાહોદ ઘટક-૧ દાહોદ જિલ્લાના ICDS (ઈન્ટિગ્રેટેડ ચાઈલ્ડ ડેવલપમેન્ટ સર્વિસ) દાહોદ ઘટક-૧ ખાતે તારીખ ૩૦ જૂન ૨૦૨૫ના રોજ સુપોષિત દાહોદ અભિયાન અંતર્ગત C-MAM (Community-based Management of Acute Malnutrition) તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું.આ તાલીમ જિલ્લા પ્રોગ્રામ ઓફિસર શ્રીમતી ઈરા ચૌહાણની અધ્યક્ષતામાં કરવામાં આવી હતી. સાથે દાહોદ-૧ ના સીડીપીઓશ્રી, મુખ્યસેવિકા, બી.એન. એમ,પા.પા.પગલી હાજર રહ્યા હતા.તેમાં ડીસ્મું બ્લોક કોર્ડિનેટર અને એન.એન.એમ.બ્લોક કોર્ડિનેટરદ્વારા તાલીમ આપવામાં આવી હતી. આ તાલીમમાં આંગણવાડી વર્કર બહેનોને તીવ્ર કુપોષણની ઓળખ, રોકથામ અને સારવાર અંગે વિગતવાર માર્ગદર્શન આપવામાં



આવ્યું. તેમને બાળકની પોષણ સ્થિતિનું મૂલ્યાંકન કરવા, MUAC ટેપનો ઉપયોગ, અને યોગ્ય સલાહ આપવી જેવા મુદ્દાઓ પર તાલીમ આપવામાં આવી હતી. સુપોષિત દાહોદ અભિયાનને આગળ વધારવા તથા કુપોષણને જડમૂળથી નાબૂદ કરવા માટે આ પ્રકારની તાલીમો અત્યંત મહત્વપૂર્ણ બની રહી છે.તાલીમના અંતે ઉપસ્થિત અધિકારીશ્રી દ્વારા આંગણવાડી વર્કરોને એમની ભૂમિકા અને જવાબદારી વિશે પ્રેરક સંદેશા પણ આપવામાં આવ્યા હતા.-અખંડ ભારત

# પેપરાલ પ્રા.શાળામાં પ્રવેશોત્સવ યોજાયો

સુનિલ પટેલ - લાખણીની શ્રી પેપરાલ પ્રાથમિક શાળામાં કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજાયો જેમાં આઈએએસ ડૉ. એસ.જે. જોષી, અશ્વિનભાઇ પટેલ,વિનયભાઈ જોષી,જામભાઈ માળી તેમજ ગામના અગ્રણી બાબરાભાઈ ચૌધરી તેમજ તમામ ગ્રામજનોએ આ કાર્યક્રમની ઉત્સાહભેર ઉજવણી કરી અને નાના ભૂલકાંઓને નવીન પ્રવેશ કરાવ્યો હતો.-અખંડ ભારત



# પાંચ દિવસ, પાંચ દેશો અને રાજકીય સંદેશ PM મોદીની મુલાકાતનો રહસ્યમય અર્થ



વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૨ જુલાઈથી ૧૦ જુલાઈ એટલે કે ૮ દિવસમાં પાંચ દેશોની મુલાકાત લેશે. જેમાં ઘાના, ત્રિનિદાદ-ટોબૈગો, આર્જેન્ટીના, બ્રાઝિલ અને નામિબિયાનો સમાવેશ થાય છે. ઘાના, ત્રિનિદાદ એન્ડ ટોબૈગો, આર્જેન્ટિના અને બ્રાઝિલ એવા દેશ છે જ્યાં પીએમ પહેલીવાર જશે. આ પાંચેય દેશ વ્યૂહનૈતિક મહત્ત્વ ધરાવે છે. પીએમ મોદીનો પ્રવાસ ઘાનાથી શરૂ થશે. ૩૦ વર્ષ પછી કોઈ ભારતીય વડાપ્રધાન ઘાનાની મુલાકાતે જશે. આ દરમિયાન પીએમ મોદી ઘાનાના રાષ્ટ્રપતિ અને પ્રધાનમંત્રીને મળશે અને ઘાનાની સંસદને સંબોધિત કરશે. આ પછી તેઓ ત્રિનિદાદ-ટોબૈગો, આર્જેન્ટિના અને બ્રાઝિલ જશે. તેઓ બ્રાઝિલમાં બ્રિક્સ સમિટમાં ભાગ લેશે અને ત્યારબાદ તેઓ નામિબિયા પહોંચશે. આ તેમની નામિબિયાની પહેલી મુલાકાત હશે. ભારત આ દેશો સાથે ઘણા આર્થિક અને રાજદ્વારી કરારો કરી શકે છે.વડાપ્રધાન મોદીની આ ઘાનાની પ્રથમ દ્વિપક્ષીય મુલાકાત છે. ત્રણ દાયકાથી પણ વધુ સમય બાદ કોઈ ભારતીય વડાપ્રધાન ઘાનાની મુલાકાત લઈ રહ્યા છે. ઘાનાના રાષ્ટ્રપતિ જોન મહામાએ વર્ષ ૨૦૧૫માં ભારત-આફ્રિકા ફોરમ સમિટ માટે ભારતની મુલાકાત લીધી હતી.ઘાના પશ્ચિમ આફ્રિકાના સૌથી ઝડપથી વિકસતા અર્થતંત્રોમાંનું એક છે. ભારતને ઘાનાના નિકાસ માટેના સૌથી મોટા ભાગીદારોમાંનો એક ગણવામાં આવે છે. ઘાનામાંથી ભારતમાં થતી આયાતમાં ૭૦%થી વધુ હિસ્સો સોનાનો છે. વડાપ્રધાન મોદી દ્વિપક્ષીય ભાગીદારીની સમીક્ષા કરવા અને આર્થિક, ઊર્જા, સંરક્ષણ અને વિકાસ સહયોગ દ્વારા તેને વધુ મજબૂત કરવાના માર્ગો પર રાષ્ટ્રપતિ મહામા સાથે ચર્ચા કરશે.વડાપ્રધાન મોદી ઘાના બાદ કેરેબિયન દેશ ત્રિનિદાદ-ટોબૈગોની (T&T) મુલાકાત લેશે. T&Tની ૪૦-૪૫% વસ્તી ભારતીય મૂળની છે અને અહીંના વડાપ્રધાન કમલા પ્રસાદ-બિસેસર તેમજ રાષ્ટ્રપતિ ક્રિસ્ટિન કાર્લા કંગાલુ પણ ભારતીય મૂળના જ છે. વડાપ્રધાન તરીકે નરેન્દ્ર મોદીની T&Tની આ પ્રથમ મુલાકાત હશે, અને ૧૯૯૯ પછી કોઈ પણ ભારતીય વડાપ્રધાનની આ પ્રથમ દ્વિપક્ષીય મુલાકાત છે. વડાપ્રધાન મોદી ગયા વર્ષે નવેમ્બર ૨૦૨૪માં પણ અન્ય કેરેબિયન દેશ ગયાનાની મુલાકાત લીધી હતી. આઠ મહિનામાં કેરેબિયન ક્ષેત્રની આ તેમની બીજી મુલાકાત ભારત માટે આ પ્રદેશના વધતા મહત્ત્વને દર્શાવે છે. આ મુલાકાત ત્રિનિદાદ-ટોબૈગોમાં ભારતીય પ્રવાસીઓના આગમનના ૧૮૦ વર્ષ પૂરા થવાના અવસરે યોજાઈ રહી છે. બંને દેશો વચ્ચેના દ્વિપક્ષીય આર્થિક સંબંધોમાં સતત વૃદ્ધિ જોવા મળી રહી છે, જેમાં નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં કુલ વેપાર $૩૪૧.૬૧ મિલિયન સુધી પહોંચ્યો છે. ૫૭ વર્ષમાં પહેલીવાર કોઈ ભારતીય વડાપ્રધાનની મુલાકાત લેશે. આ પહેલાં વર્ષ ૧૯૬૮માં ઈન્દિરા ગાંધીએ આર્જેન્ટિનાની મુલાકાત લીધી હતી. પીએમ મોદી આર્જેન્ટિનામાં રાષ્ટ્રપતિ જેવિયર માઈલીને મળશે. આ મુલાકાત દરમિયાન, બંને નેતાઓ સંરક્ષણ, કૃષિ, માઈનિંગ, તેલ અને ગેસ, ઊર્જા જેવા ક્ષેત્રોમાં ભાગીદારી વધારવાના માર્ગો પર ચર્ચા કરશે. બંને નેતાઓ નવેમ્બર ૨૦૨૪માં રિયો ડી જાનેરોમાં G-20 શિખર સંમેલન દરમિયાન મળ્યા હતા. ભારત અને આર્જેન્ટિનાએ ખનિજ સંસાધન ક્ષેત્રે, ખાસ કરીને લિથિયમમાં દ્વિપક્ષીય સહયોગ નોંધપાત્ર રીતે આગળ વધાર્યો છે, જે ભારતની ગ્રીન એનર્જી માટે અત્યંત મહત્ત્વપૂર્ણ છે. આ ઉપરાંત, આર્જેન્ટિના ભારતને સોયાબીન અને સૂરજમુખી તેલનો મુખ્ય સપ્લાયર છે. વર્ષ ૨૦૨૪માં ભારત આર્જેન્ટિનાનો પાંચમો સૌથી મોટો વ્યાપારી ભાગીદાર અને નિકાસ સ્થળ હતું.

## ખેડબ્રહ્માના રતનપુરમાં મકાનની દિવાલ ધરાશાયી થતાં ૩ બાળકો દટાયાં, બેનાં કરૂણ મોત



સાબરકાંઠા જિલ્લામાં વરસી રહેલો ભારે વરસાદ હવે યમદૂત બની રહ્યો છે. ખેડબ્રહ્મા તાલુકાના રતનપુર ગામે વરસાદના કારણે કાચુ મકાન ધરાશાયી થતાં મકવાણા પરિવારના ૩ બાળકો દટાઈ ગયા હતા, જે પૈકી બે બાળકોનો કરુણ મોત નિપજયાં હતાં. જયારે અન્ય એક બાગકને ગંભીર હાલતમાં ખેડબ્રહ્માની ખાનગી હોસ્પિટલમાં પારવાર માટે દાખલ કરવામાં આવ્યો છે. જ્યાં તેની હાલત ગંભીર બતાવામાં આવી રહી છે. કરૂણાંતિકાના પગલે ખેડબ્રહ્મા મામલતદાર તથા ટી.ડી.ઓ. સહિતનો સ્ટાફ દુર્ઘટના સ્થળે પહોંચી ગયો હતો અને મૃતકોના મૃતદેહને પોસ્ટ મોર્ટમ માટે મોકલી આપ્યા હતા. સાબરકાંઠા જિલ્લામાં ઉત્તર ગુજરાતનો મોસમનો સૌથી વધુ ૪૧ ટકા વરસાદ ખાબકતાં ગ્રામ્ય વિસ્તારોમાં કાચા મકાનો જોખમી બની પાયા સહિત કાટમાળ તૂટવા લાગ્યો છે. ત્યારે રવિવારે રાત્રે ખેડબ્રહ્મા તાલુકામાં અનરાધાર વરસાદ વરસતો હતો ત્યારે રતનપુર ગામના મકવાણા પરિવારની કાચા મકાનની દિવાલ પડાકા સાથે તૂટી પડતાં ઘરમાં ઉંઘી રહેલા બાળકો ઉપર કાટમાળ પડતાં દટાયા હતા અને રાત્રે પરિવારજનો તથા આસપાસથી મદદ માટે આવેલા લોકોએ કાટમાળ હટાવ્યો પરંતુ દટાઈ જવાના કારણે ૨ બાળકના મોત નિપજ્યા હતા. જ્યારે અન્ય એક બાળકને ગંભીર હાલતમાં સારવાર માટે ખેડબ્રહ્માની ખાનગી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો છે. મકવાણા પરિવારના ૨ બાળકોના દિવાલ પડવાથી કરુણ મોત નિપજતાં સમગ્ર પંથકમાં માતમ છવાયો છે. જ્યારે તલાટી ક્રમ મંત્રી દ્વારા તાબડતોબ સ્થળ ઉપર પહોંચી પંચનામું કરી મૃત્યુ પામેલા બાળકોની જણવા જોગ અરજી તથા એફ.આર.ભાઈ. દાખલ કરવા ખેરોજ પોલીસ સ્ટેશને લેખિત જાણ કર્યાનું પણ જાણવા મળ્યું છે.

## જમીન કૌભાંડ: મા-દીકરાએ વેચી નાખી એરફોર્સની કિંમતી મિલકત



અત્યાર સુધી તમે બોલિવૂડ ફિલ્મોમાં જોયું હશે કે લોકો હોશિયારી વાપરીને છેતરતા હોય છે. પરંતુ પંજાબના ફિરોઝપુરમાં ફિલ્મ જેવો જ છેતરપિંડીનો કિસ્સો સામે આવ્યો છે. અહીં એક માતા-પુત્રની જોડીએ કોઈ દુકાન, ખેતર કે મકાન નથી વેચ્યું, પરંતુ તેમણે ભારતીય વાયુસેનાનો ઐતિહાસિક એરસ્ટ્રીપ વેચી નાખી છે, જ્યાંથી વર્ષ ૧૯૬૨, ૧૯૬૫ અને ૧૯૭૧માં આપણા બહાદુર ફાઇટર પાઇલટ્સે ત્રણ યુદ્ધોમાં દુશ્મનોનો સામનો કર્યો હતો. ૨૮ વર્ષ પહેલા માતા-પુત્રની જોડીએ આ છેતરપિંડી આચરી હતી. જેનો ખુલાસો હાઇકોર્ટના નિર્દેશ અને વિજિલન્સ તપાસ પછી થયો હતો. આ કેસનો ખુલાસો એક વ્હિસલબ્લોઅરની ફરિયાદથી શરુ થયો હતો. નિશાન સિંહ નામના નિવૃત્ત રેવન્યુ ઈન્સ્પેકટરની ફરિયાદ દ્વારા આ સમગ્ર મામલો સામે આવ્યો હતો, જેમણે પંજાબ વિજિલન્સ બ્યુરોના ડિરેક્ટરને પત્ર લખીને આ મામલાની તપાસની માંગ કરી હતી. તેમણે જણાવ્યું હતું કે કેવી રીતે ડુમનીવાલા ગામના ઉષા અંસલ અને તેમના પુત્ર નવીન ચંદ અંસલે મહેસૂલ અધિકારીઓ સાથે મળીને જમીનની ખોટી માલિકી સાબિત કરી અને તેને વેચી દીધી હતી. જોકે, આ કેસમાં ફરિયાદ મળ્યા પછી પણ કોઈ નક્કર કાર્યવાહી કરવામાં ન આવી ત્યારે નિશાન સિંહે પંજાબ અને હરિયાણા હાઈકોર્ટમાં અરજી દાખલ કરી. આ બાબતને ગંભીર ગણીને કોર્ટે પંજાબ વિજિલન્સ બ્યુરોના મુખ્ય નિયામકને આ બાબતની સત્યતા તપાસવા અને રિપોર્ટ રજૂ કરવાનો આદેશ આપ્યો. તપાસમાં જાણવા મળ્યું કે આ એરસ્ટ્રીપ પંજાબના ફિરોઝપુરના ફટ્ટુવાલા ગામમાં આવેલી છે, જે પાકિસ્તાન બોર્ડરની ખૂબ નજીક છે. આ જમીન બ્રિટિશ શાસન દ્વારા ૧૨ માર્ચ, ૧૯૪૫ના રોજ બીજા વિશ્વયુદ્ધ દરમિયાન રોયલ ઍરફોર્સને ફાળવવામાં આવી હતી. બાદમાં આ જમીન ભારતીય વાયુસેનાના કબજા હેઠળ આવી અને ત્રણ યુદ્ધોમાં તેનો ઉપયોગ લેન્ડિંગ ગ્રાઉન્ડ તરીકે કરવામાં આવ્યો. જ્યારે કેસની તપાસ કરવામાં આવી, ત્યારે એ પણ સ્પષ્ટ થયું કે ઉષા અંસલ અને નવીન ચંદ અંસલે કેટલાક નીચલા સ્તરના અધિકારીઓની મિલીભગતથી આ જમીનમાં હેરાફેરી કરીને પોતાને આ જમીનના માલિક તરીકે દર્શાવ્યા હતા. આ પછી, ૧૯૯૭માં તેને અન્ય લોકોને વેચી દેવામાં આવી. આશ્ચર્યજનક વાત એ છે કે વાસ્તવિક માલિક મદન મોહન લાલનું ૧૯૯૧માં અવસાન થયું, છતાં ૧૯૯૭માં બોગસ વેચાણ દસ્તાવેજો તૈયાર કરવામાં આવ્યા હતા. હાઈકોર્ટના આદેશ પર વિજિલન્સ તપાસ પૂર્ણ થયા પછી, હવે આ કેસમાં FIR નોંધવામાં આવી છે. આ કેસમાં IPCની કલમ ૪૧૯ (છેતરપિંડી આચરવી), ૪૨૦ (છેતરપિંડી અને અપ્રમાણિક રીતે મિલકત મેળવવી), ૪૬૫, ૪૬૭, ૪૭૧ (બનાવટી દસ્તાવેજોનો ઉપયોગ) અને 120B (ગુનાહિત કાવતરું) લાગુ કરવામાં આવી છે. હવે આ કેસની તપાસ ડીએસપી કરણ શર્માના નેતૃત્વમાં હાથ ધરવામાં આવી રહી છે. તેમનું કહેવું છે કે આ છેતરપિંડીમાં બીજું કોણ સામેલ હતું તે શોધવામાં આવી રહ્યું છે.

હાઈકોર્ટના ઠપકો અને વિગતવાર તપાસ પછી, આ જમીન આખરે મે ૨૦૨૫માં ઔપચારિક રીતે સંરક્ષણ મંત્રાલયને સોંપવામાં આવી. પંજાબ વહીવટીતંત્રે પણ તેના રિપોર્ટમાં સ્વીકાર્યું હતું કે આ જમીન હજુ પણ રેકોર્ડમાં ૧૯૫૮-૫૯ જેવી જ છે અને સેનાના કબજામાં જ છે. ફિરોઝપુરના ડેપ્યુટી કમિશ્નરે આવા ગંભીર મામલે સમયસર કાર્યવાહી ન કરતા બદલ હાઈકોર્ટે તેમને પણ ઠપકો આપ્યો હતો. આ સાથે, કોર્ટે કહ્યું કે આનાથી રાષ્ટ્રીય સુરક્ષા પણ જોખમમાં મૂકાઈ શકે છે, કારણ કે જો સરહદ નજીકની આટલી મહત્ત્વપૂર્ણ જમીન ખોટા હાથમાં જાય છે, તો તે મોટી મુશ્કેલી ઊભી કરી શકે છે. આવા મામલાને અવગણી શકાય નહીં.

## ઈંગ્લેન્ડમાં બન્યો મહારેકોર્ડ, એકની ટ્રિપલ સેન્ચુરી અને ત્રણ બેટરે ફટકારી સદી









કાઉન્ટી ચેમ્પિયનશિપ ઈંગ્લેન્ડમાં રમાઈ રહી છે. આ મેચમાં રનનો વરસાદ થયો છે. કાઉન્ટી ચેમ્પિયનશિપ ડિવિઝન ૧માં એક ટીમે પ્રથમ ઈનિંગમાં ૮૦૦થી વધુ રન બનાવ્યા છે. આ ટીમ માટે ૪ ખેલાડીઓએ સદી ફટકારી હતી, જેમાંથી એક બેટરે ટ્રિપલ સેન્ચુરી ફટકારી હતી. કાઉન્ટી ચેમ્પિયનશિપ ડિવિઝન ૧ના ઈતિહાસમાં આ પહેલી વાર છે જ્યારે કોઈ ટીમે એક જ ઈનિંગમાં ૮૦૦થી વધુ રન બનાવ્યા હોય. કાઉન્ટી ચેમ્પિયનશિપ ડિવિઝન ૧ની ૪૨મી મેચ સરે અને ડરહામ (Surrey vs Durham) વચ્ચે રમાઈ રહી છે. સરે ટીમના ઓપનિંગ બેટર ડોમિનિક સિબલીએ ત્રેવડી સદી ફટકારીને એક નવો રેકોર્ડ બનાવ્યો છે. તેણે ૪૭૫ બોલમાં ૩૦૫ રનની ઈનિંગ રમી હતી. આ દરમિયાન તેમણે ૨૯ ચોગ્ગા અને ૨ છગ્ગા ફટકાર્યા હતા. ડોમિનિક સિબલીની ત્રેવડી સદી ઉપરાંત ઓલરાઉન્ડર સેમ કુરને પણ સદી ફટકારી હતી. તેણે ૧૨૪ બોલમાં ૧૦૮ રન બનાવ્યા હતા. જ્યારે ડેનિયલ લોરેન્સે ૧૪૯ બોલમાં ૧૭૮ રન બનાવ્યા હતા, જેમાં ૧૯ ચોગ્ગા અને ૪ છગ્ગાનો સમાવેશ થાય છે. ઈંગ્લેન્ડના ધાકડ બેટર વિલ જેક્સે પણ ૯૪ બોલમાં ૧૧૯ રનની ઈનિંગ રમી હતી. આ દરમિયાન તેણે ૮ ચોગ્ગા અને ૬ છગ્ગા ફટકાર્યા હતા. સરે ટીમે શાનદાર બેટિંગ દ્વારા ૯ વિકેટ ગુમાવીને ૮૨૦ રન બનાવીને ઈનિંગ્સ ડિક્લેર કરી. આજે (પહેલી જુલાઈ) આ ટેસ્ટ મેચનો બીજો દિવસ છે. સરે બે દિવસમાં ૮૦૦થી વધુ રન બનાવીને ઈંગ્લેન્ડ ક્રિકેટમાં એક નવો ઈતિહાસ રચ્યો છે.

## ફ્લેટની ભીતર ૩ વર્ષથી સુકાઈ ગયેલું જીવન! એન્જિનિયરનો દુ:ખદ કિસ્સો



મુંબઈથી એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. અહીં એક એન્જિનિયરે ત્રણ વર્ષથી વધુ સમય સુધી પોતાના ફ્લેટમાં પોતાને બંધ રાખ્યો. બહારની દુનિયા સાથે સંપર્ક કરવા માટે ઓનલાઈન ફૂડ ઓર્ડર જ તેમનો એકમાત્ર રસ્તો હતો. કમ્પ્યુટર પ્રોગ્રામર તરીકે કામ કરતા ૫૫ વર્ષીય અનુપ કુમાર નાયર છ વર્ષ પહેલાં તેમના માતા-પિતાના મૃત્યુ પછી એકલતાને કારણે ડિપ્રેશનમાં ગયા હતા. તેમના મોટા ભાઈએ ૨૦ વર્ષ પહેલાં આત્મહત્યા કરી હતી. તેમના માતાપિતાના મૃત્યુ પછી તેઓ તેમના પરિવારમાં એકલા પડી ગયા હતા. એક બિનસરકારી સંગઠન (NGO)ને તેમની પરિસ્થિતિ વિશે જાણ કરવામાં આવી હતી, અને સોશિયલ એન્ડ ઈવેન્જેલિકલ એસોસિએશન ફોર લવ (SEAL)ના સામાજિક કાર્યકરો મુંબઈના સેક્ટર ૨૪માં ઘરકૂલ CHSમાં તેમના ઘરમાં પ્રવેશ્યા હતા. એનજીઓ ફ્લેટ પર પહોંચી અને જોયું કે એન્જિનિયરનો ફ્લેટ ખૂબ જ ગંદો હતો. અનુપ કુમાર નાયર માત્ર લિવિંગ રૂમમાં ખુરશી પર સૂતો હતો. ફ્ટેલમાં ફર્નિચર ન હતું. જ્યારે તે મળી આવ્યો ત્યારે તેના પગમાં ચેપ લાગ્યો હતો જેને તાત્કાલિક સારવારની જરૂર હતી. પાડોશીઓનું કહેવું છે કે, ‘અનુપ કુમાર નાયર ભાગ્યે જ તેના ફ્લેટનો દરવાજો ખોલતા જોવા મળતા હતા અને તે કચરો પણ ઉપાડતો ન હતો. અમે સોસાયટીના સભ્યો, ક્યારેક તેને કચરો કાઢવામાં મદદ કરવા માટે સમજાવવું પડતું હતું. અમે તેને તેના માતાપિતાની ફિક્સ ડિપોઝિટ રકમ તેના ખાતામાં ટ્રાન્સફર કરવામાં પણ મદદ કરી.‘ એનજીઓ તાત્કાલિક એન્જિનિયરને સારવાર માટે લઈ ગયો અને તેની સારવાર ચાલી રહી છે. હાલમાં અનુપ કુમાર નાયર પનવેલના SEAL આશ્રમમાં સારવાર હેઠળ છે. ભલે તે હજુ પણ ભાવનાત્મક રીતે નાજુક છે, ડોકટરો અને સંભાળ રાખનારાઓએ તેમના સ્વાસ્થ્ય અને માનસિક સુખાકારીમાં સુધારાના પ્રારંભિક સંકેતો આપ્યા છે.

અહેવાલો અનુસાર, અનુપ કુમાર નાયરના માતા-પિતાના મૃત્યુ પછી તેણે કેટલાક સંબંધીઓએ તેનો સંપર્ક કરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ તેણે તેમની સાથે વાત કરવાનો ઈનકાર કર્યો હતો કારણ કે તે કોઈ પર વિશ્વાસ કરતો ન હતો. પનવેલના સીલ આશ્રમમાં રહેતા અનુપ કુમાર નાયરે કહ્યું કે, ‘મારા કોઈ મિત્રો નથી અને હું નોકરી પણ શોધી શકતો નથી. અત્યારે મારા કોઈ મિત્રો નથી અને મારા માતાપિતા અને ભાઈનું અવસાન થઈ ચૂક્યું છે.મારા ખરાબ સ્વાસ્થ્યને કારણે, હું કોઈ નવી નોકરી શોધી શકતો નથી. મારું સ્વાસ્થ્ય પણ સારું નથી. તેથી નવી શરૂઆત માટે કોઈ અવકાશ નથી.હાલમાં અનુપ કુમાર નાયર પનવેલના SEAL આશ્રમમાં સારવાર હેઠળ છે. ભલે તે હજુ પણ ભાવનાત્મક રીતે નાજુક છે, ડોકટરો અને સંભાળ રાખનારાઓએ તેમના સ્વાસ્થ્ય અને માનસિક સુખાકારીમાં સુધારાના પ્રારંભિક સંકેતો આપ્યા છે.

## ભારતના રક્ષણ ક્ષેત્રમાં મોટું રોકાણ, ૧ લાખ કરોડના બજેટને મળી શકે છે મંજૂરી



સંરક્ષણ મંત્રાલય આ અઠવાડિયે એક મહત્ત્વની બેઠક કરવા જઈ રહ્યું છે, જેમાં ભારતીય સેનાઓની તાકાત વધારવા માટે ૧ લાખ કરોડ રૂપિયાથી વધુના ખર્ચવાળા સંરક્ષણ આધુનિકીકરણ પ્રોજેક્ટ્સને મંજૂરી આપવામાં આવશે. ‘ઓપરેશન સિંદૂર‘ બાદ ડિફેન્સ એક્વિઝિશન કાઉન્સિલ (DAC)ની પહેલી બેઠક યોજાશે, જેમાં અનેક મહત્ત્વના પ્રસ્તાવો પર મહોર લાગવાની સંભાવના છે.

ભારત-પાકિસ્તાન સરહદે એર ડિફેન્સને મજબૂત કરવા માટે મંત્રાલય સ્વદેશી ક્વિક રિએક્શન સરફેસ ટૂ એર મિસાઇલ (QRSAM) સિસ્ટમની ત્રણ નવી રેજીમેન્ટની ખરીદીને મંજૂરી આપી શકે છે. આ DRDની પરિયોજના છે, જેને ભારત ડાયનેમિક્સ લિમિટેડ અને ભારત ઈલેક્ટ્રોનિક્સ લિમિટેડ દ્વારા આગળ વધારવામાં આવશે. ભારતીય વાયુસેનાએ I-STAR કાર્યક્રમ હેઠળ ત્રણ જાસૂસી વિમાનોની ખરીદીનો પ્રસ્તાવ મૂક્યો છે. જે ઈન્ટેલિજન્સ, સર્વિલન્સ, ટાર્ગેટિંગ અને રિકૉનિસ્સાં (ISTAR) વિમાન દુશ્મનની ગતિવિધિ પર નજર રાખવા અને ભવિષ્યમાં જમીની લક્ષ્યને નષ્ટ કરવા માટે મહત્ત્વપૂર્ણ રહેશે. આ વિમાન કોઈ મૂળ નિર્માતા પાસેથી ખરીદવામાં આવશે અને ડીઆરડીઓની સેન્ટર ઑફ એરબોર્ન સિસ્ટમ દ્વારા (CABS) દ્વારા ભારતીય જરૂરિયાતો મુજબ અપગ્રેડ કરવામાં આવશે.

ભારતીય નૌકાદળ Pressure-Based Moroed Minesને પોતાના બેડામાં સામેલ કરવાનો પ્રસ્તાવ મૂકશે.જે દુશ્મનની સબમરિન અને સપાટી પરના યુદ્ધ જહાજોને નિશાનો બનાવવામાં સક્ષમ છે.આ સિવાય, Su-30MKI લડાકૂ વિમાનોને ૮૪ યુનિટ્સની અપગ્રેડેશન અને Underwater Autonomous Vehicles (UAVs)ના અપગ્રેડને પણ મંજૂરી મળવાની સંભાવના છે.

## જામનગરમાં પાર્શ્વ ભાગે મારામારીનો કિસ્સો, વેપારી બન્યો શિકાર



જામનગરમાં ગુલાબ નગર નજીક હરિદ્વાર પાર્કમાં રહેતા અફઝલ અબ્દુલભાઈ હમીરાણી નામના ૨૯ વર્ષના વેપારી યુવાને પોતાના ઉપર હુમલો કરી પોતાની કારમાં ચારેય તરફ ધોકા વાળી કરી તમામ કાચ તોડી નાખવા અંગે જાહીર અબ્બાસ ભાઈ, મોહમ્મદ હનીફ શાહમદાર, તેમજ અશરફભાઈ વગેરે ૪ સામે ફરિયાદ નોંધાવી છે.

જ્યારે પોતાની કારમાં તોડફોડ કરી નાખી અંદાજે ૩૫,૦૦૦નું નુકસાન પહોંચાડ્યાનું પણ પોલીસ ફરિયાદમાં જણાવાયું છે.ફરીયાદીએ એક હોટલની બહાર પોતાની કાર પાર્ક કરી હતી, જેની બાજુમાં જ આરોપીએ કાર પાર્ક કરી હોવાથી તેને ખસેડી લેવાના મુદ્દે બંને વચ્ચે તકારાર થઈ હતી, ત્યારબાદ આ હુમલો અને હંગામો કરાયાનું પોલીસ ફરિયાદમાં જાહેર થયું છે.

# ફેક્ટરી બ્લાસ્ટે સર્જ્યું તબાહીનું તાંડવ, ૩૪થી વધુના મોત




તેલંગાણાના સંગારેડ્ડી જિલ્લાના પશમ્યલારમમાં સિગાચી ઈન્ડસ્ટ્રીઝના ફાર્માસ્યુટિકલ પ્લાન્ટમાં થયેલા વિસ્ફોટમાં મૃત્યુઆંક ૩૪ પહોંચી ગયો છે. એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ મંગળવારે (પહેલી જુલાઈ, ૨૦૨૫)આ અંગે માહિતી આપી છે. જિલ્લા પોલીસ અધિક્ષક પરિતોષ પંકજે જણાવ્યું હતું કે, 'કાટમાળ દૂર કરતી વખતે ઘણાં મૃતદેહો મળી આવ્યા છે. કાટમાળમાંથી ૩૧ મૃતદેહો બહાર કાઢવામાં આવ્યા છે, જ્યારે હૉસ્પિટલમાં સારવાર દરમિયાન ત્રણ લોકોના મોત થયા છે. તેલંગાણાના આરોગ્ય મંત્રી દામોદર રાજા નરસિંહાએ જણાવ્યું હતું કે, 'મુખ્યમંત્રી એ. રેવંત રેડ્ડી આજે અકસ્માત સ્થળની મુલાકાત લેશે.' મુખ્યમંત્રી એ. રેવંત રેડ્ડીએ આ ઘટના પર દુઃખ વ્યક્ત કર્યું હતું અને અધિકારીઓને કાટમાળમાં દટાયેલા શ્રમિકોને બચાવવા અને તેમને સારવાર પૂરી પાડવા માટે શક્ય તમામ પગલાં લેવા નિર્દેશ આપ્યો હતો. સોમવારે (૩૦મી જૂન) ફાર્મા કંપનીમાં થયેલા વિસ્ફોટ પાછળ રાસાયણિક પ્રતિક્રિયા એક મુખ્ય કારણ હોઈ શકે છે.

વિસ્ફોટ થયો ત્યારે પ્લાન્ટમાં લગભગ ૯૦ લોકો કામ કરી રહ્યા હતા. કંપનીની વેબસાઇટ અનુસાર, સિગાચી ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ એક ફાર્માસ્યુટિકલ કંપની છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ દુર્ઘટના પર દુઃખ વ્યક્ત કર્યું અને મૃતકોના પરિવારજનો માટે પ્રધાનમંત્રી રાષ્ટ્રીય રાહત ભંડોળમાંથી મૃતકોના પરિવારજનોને ૨ લાખ રૂપિયા અને ઈજાગ્રસ્તને ૫૦,૦૦૦ રૂપિયાની સહાયની જાહેરાત કરી. નોંધનીય છે કે, ફેક્ટરીના શ્રમિકો ઓડિશા, બિહાર અને પશ્ચિમ બંગાળ ઉપરાંત તેલંગાણા અને આંધ્રપ્રદેશ સહિત વિવિધ રાજ્યોના છે.

# વિકાસ સહાયના કાર્યકાળમાં વધારો, DGP પદે હવે ડિસેમ્બર ૨૦૨૫ સુધી રહેશે કાર્યરત



અંતે ગુજરાતના રાજ્ય પોલીસ વડા વિકાસ સહાયને ૬ મહિનાનું એક્સટેન્શન આપવામાં આવ્યું છે. વિકાસ સહાય ૩૧ ડિસેમ્બર ૨૦૨૫ સુધી ડીજીપી પદે કાર્યરત રહેશે. સહાય આજે વય નિવૃત થવાના હોઈ, ગુજરાત પોલીસ ભવનમાં તેની વિદાયની જરૂરી તૈયારીઓ પણ કરવામાં આવી હતી, પરંતુ સરકાર તરફથી અંતિમ કલાકોમાં વિકાસ સહાયને ૬ મહિનાનું એક્સટેન્શન આપવાનો નિર્ણય કરાતા નવા ડીજીપી કોણ એની ચર્ચા પર હાલ તો ૬ મહિના સુધી પૂર્ણ વિરામ મુકાઈ ગયું છે. વિકાસ સહાય ૩૧ ડિસેમ્બર ૨૦૨૫ સુધી ડીજીપી પદે કાર્યરત રહેશે. હાલના કાર્યરત ડીજીપી વિકાસ સહાયે એક જિલ્લામાં એસપી તરીકે કામ કર્યા બાદ સામાન્ય રીતે સાઇડલાઈન મનાતા હતા. રાજ્યમાં એક જ સરકાર હોવા છતાં તેઓ લાંબો સમય, એટલે કે ત્રણ પ્રમોશન સાથેનો સમય સાઇડ પોસ્ટિંગમાં ગાળ્યો હતો, જેમાં રક્ષાશક્તિ યુનિવર્સિટી, કરાઇ પોલીસ એકેડમી સહિત સાઇડની જગ્યાઓ પર ફરજ બજાવી હતી. દરમિયાન રાજ્યના પોલીસ વડા આશિષ ભાટિયા નિવૃત્ત થયા બાદ તેમનો ચાન્સ લાગ્યો હતો, કેમકે તેઓ સિનિયોરિટીમાં આવતા હતા અને તેઓ નોકરીના સમયમાં નિર્વિવાદ રહ્યા છે. જોકે છેલ્લે તેમના કાર્યકાળ દરમિયાન એસએમસીની સીઆઇડી ક્રાઇમમાં તપાસ ચર્ચાનો વિષય બની હતી, જોકે એસએમસીની કાર્યવાહી દરમિયાન તેમને સ્થાનિક પોલીસથી લઇ 'ચોક્કસ પ્રવૃત્તિમાં જોડાયેલા' પોલીસકર્મીઓ સામે કડકાઈથી કાર્ય ન કર્યું અને એના કારણે પણ તેઓ ચર્ચામાં રહ્યા છે. રાજ્ય સરકારની ગુડ બુકમાં નામ ધરાવતા અને કડક ઈમેજ ધરાવતા આઇપીએસ શિવાનંદ ઝા લાંબો સમય ડીજીપી રહ્યા હતા. તેઓ કોરોના સમયે રાજ્યના કાયમી પોલીસવડા હતા. એ સમયે તેમને એક્સટેન્શન આપવામાં આવ્યું હતું. તેમણે કોરોના સમયે પોલીસને ખડેપગે રાખી કામગીરી કરાવી હતી, જેમાં તેઓ દરેક જિલ્લા અને શહેરના અધિકારીઓ પાસે કામ કરાવતા હતા.તેમના સમયગાળા દરમિયાન SMCની કાર્યપદ્ધતિ પણ બદલાઈ હતી અને એની કાર્યવાહી બાદ સ્થાનિક પોલીસની બેદરકારી સામે પગલાં પણ લેવામાં આવતાં હતાં, જેના કારણે પોલીસમાં ડરનો માહોલ રહેતો હતો. તેમના બાદ આઇપીએસ આશિષ ભાટિયાને ડીજીપી બનાવવામાં આવ્યા હતા. આ દરમિયાન તેમને પણ તેમનાં બે વર્ષ કરતાં ઓછો સમય મળ્યો હતો. પછી નવી ગાઇડલાઇન પ્રમાણે તેમને પણ ૨ વર્ષ કાર્યકાળ પૂરો કર્યા બાદ એક્સટેન્શન આપવામાં આવ્યું હતું. એના કારણે પૂર્વ આઇપીએસ સંજય શ્રીવાસ્તવને છ મહિના કરતાં ઓછો સમયગાળો નિવૃત્તિમાં બાકી રહ્યો હોવાથી તેઓ ડીજીપી બની શક્યા નહોતા. હવે વિકાસ સહાય એક્સટેશન્શ મેળવનારા ત્રીજા ડીજીપી બન્યા છે.

# પાકિસ્તાનનો યુ-ટર્નઃ ભારત પાસે સિંધુ સંધિ ફરી શરૂ કરવા વિનંતી



પાકિસ્તાને સોમવારે (૩૦મી જૂન) ભારતને સિંધુ જળ સંધિ ફરી શરુ કરવા અપીલ કરી છે. જેને ભારતે પહેલગામ આતંકી હુમલા બાદ સ્થગિત કરવાની જાહેરાત કરી હતી. હવે પાકિસ્તાનનું કહેવું છે કે, હેગ સ્થિત પરમેનન્ટ કોર્ટ ઑફ આર્બિટ્રેશન(PCA)ના તાજેતરના ચુકાદાથી જાણવા મળ્યું છે કે આ કરાર હજુ પણ માન્ય અને કાર્યક્ષમ છે.અહેવાલો અનુસાર, સિંધુ જળ સંધિની જોગવાઈઓ હેઠળ બે જળવિદ્યુત પ્રોજેક્ટ્સની ડિઝાઈનના કેટલાક પાસાઓ પર પાકિસ્તાને વાંધો ઊઠાવ્યા બાદ પીસીએમાં કાર્યવાહી શરુ કરવામાં આવી હતી, જેને ભારતે ક્યારેય માન્યતા આપી નથી. ભારતે આ નિર્ણયને સખત શબ્દોમાં નકારી કાઢ્યો હતો અને કહ્યું હતું કે, 'પાકિસ્તાન સાથેના વિવાદ નિરાકરણ માટેના કહેવાતા માળખાને ક્યારેય માન્યતા આપી નથી.' પાકિસ્તાનના વિદેશ કાર્યાલયે સોમવારે (૩૦મી જૂન) જાહેર કરેલા એક નિવેદનમાં જણાવ્યું હતું કે, '૨૭મી જૂનના રોજ પીસીઓ દ્વારા આપવામાં આવેલ પૂરક ચુકાદો પાકિસ્તાનના વલણને ફરીથી સમર્થન આપે છે કે સિંધુ જળ સંધિ માન્ય અને કાર્યરત છે, અને ભારતને તેના સંદર્ભમાં એકપક્ષીય કાર્યવાહી કરવાનો કોઈ અધિકાર નથી. વિદેશ કાર્યાલયે સોમવારે (૩૦મી જૂન) જાહેર કરેલા એક નિવેદનમાં જણાવ્યું હતું કે, પીસીએનો પૂરક ચુકાદો પુષ્ટિ આપે છે કે સિંધુ જળ સંધિ માન્ય અને કાર્યક્ષમ છે. અમે ભારતને તાત્કાલિક સિંધુ જળ સંધિની સામાન્ય કામગીરી પુનઃસ્થાપિત કરવા અને સંધિની તેની જવાબદારીઓને સંપૂર્ણ અને પ્રામાણિકપણે પૂર્ણ કરવા અપીલ કરીએ છીએ.'

# ટ્રાફિક ડ્યુટી પર હોવા છતાં કાગડાપીઠમાં કેમ થઈ નિયુક્તિ




શહેરના ગીતામંદિર વિસ્તારમાં આવેલા શ્રી હોટલ બાલાજી ગેસ્ટ હાઉસનો વીડિયો વાયરલ થવાની સાથે રાણીપમાં વિદેશી દારૂના જથ્થા સાથે ઝડપાયેલી મહિલા બુટલેગરના ઝડપાવવાના મામલે વિવાદમાં આવેલા પોલીસ માટે કામ કરતા પોલીસ કર્મચારી વિજયસિહની બદલીનો ઑર્ડર આવ્યો હતો. જેમાં તેમની બદલી અચાનક ટ્રાફિકમાંથી પોલીસ કંટ્રોલરૂમમાં થવાની સાથે ઉચ્ચ અધિકારીઓ પણ ચોંકી ઉઠ્યા હતા. કારણ કે વિજયસિંહ નામના કર્મચારીની નોકરી ટ્રાફિક હોવા છતાંય, એક પીએસઆઇની મહેરબાનીથી તેમને ત્યાં નોકરી કરવાને બદલે કાગડાપીઠની કામગીરી સોંપી હતી. ત્યારે આ મામલે હવે વિજયસિંહ પર મહેરબાન પીએસઆઇ પણ ચર્ચામાં આવ્યા છે.

સામાન્ય રીતે પોલીસની બદલી થાય તો એક સાથે ચારથી પાંચ કે તેથી વધારે પોલીસની બદલી થતી હોય છે. પરંતુ, રથયાત્રા બાદ તુંરત એકમાત્ર વિજયસિંહની બદલી આવી હતી. આ બાબત પણ ચર્ચાનો વિષય બન્યો છે. તેમની બદલી સાથે ઉચ્ચ પોલીસ અધિકારીઓએ તપાસના આદેશ આપ્યા હતા. જેમાં ટ્રાફિક વિભાગના સિનિયર અધિકારીની અને કાગડાપીઠ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટરની પણ આ મામલે પૂછપરછ કરવા માટે તાકીદ કરવામાં આવી છે. બીજી તરફ એવી પણ વિગતો મળી છે કે પીએસઆઇની મહેરબાનીથી આ કર્મચારીએ નારોલમાં નોકરી ન હોવા છતાંય, ત્યાં કામગીરી કરી હતી. જે બાબત પણ તપાસનો વિષય બની છે.આ સાથે સૌથી મોટી ચોંકાવનારી બાબત એવી પણ સામે આવી છે કે વિજયસિંહ નામના કર્મચારીએ કાગડાપીઠ પોલીસ સ્ટેશનના અધિકારીના ધ્યાન બહાર પણ કેટલીક કામગીરી શરુ કરાવી હતી. જે બાબત પોલીસ કમિશ્નર કચેરી સુધી પુરાવા સાથે પહોંચી હતી . આમ, ગેસ્ટ હાઉસનો વીડિયો અન્ય વિવાદાસ્પદ બાબતોને પગલે પોલીસ કંટ્રોલ રૂમમાં બદલી કરવાની સાથે તપાસ શરુ કરવામાં આવી છે. જેમાં આ કર્મચારીને કામગીરી સોંપનાર પૂર્વ વિસ્તારના એક પીએસઆઇ પણ ચર્ચામાં આવ્યા છે.

# પાનમ ડેમમાં પાણીની આવક વધતાં નદીમાં પાણી છોડાયું, કાંઠાના ૩૮ ગામમાં એલર્ટ





ગુજરાતમાં ચોમાસાની ધમાકેદાર શરુઆત થઈ છે. અત્યાર સુધીમાં ૧૧ ઈંચ સાથે સિઝનનો સરેરાશ ૩૧.૬૨ ટકા વરસાદ વરસી ચૂક્યો છે. ત્યારે પંચમહાલ જિલ્લામાં પણ વરસાદી માહોલ જામી રહ્યો છે. ઉપરવાસ અને કેચમેન્ટ વિસ્તારમાં થયેલા ભારે વરસાદના કારણે જિલ્લાની જીવાદોરી ગણાતો પાનમ ડેમ પણ ભરાઈ ગયો છે. પાનમ ડેમમાંથી ૯૯૬૮ ક્યુસેક પાણી પાનમ નદીમાં છોડવામાં આવતા નદી કાંઠા વિસ્તારના ૩૮ જેટલા ગામોને ઍલર્ટ કરાયા છે. પંચમહાલ જિલ્લાની જીવાદોરી ગણાતા પાનમ ડેમની જળસપાટી ૧૨૫.૦૫ મીટરે પહોંચી હતી. જેને ધ્યાનમાં રાખીને તંત્ર દ્વારા પાનમ ડેમનો બે ગેટ ૪ ફૂટ સુધી ખોલી દીધો હતો. જેના લીધે ૯૯૬૮ ક્યુસેક પાણી પાનમ નદીમાં છોડવામાં આવ્યું છે. પાણી છોડવામાં આવતા તંત્રએ ઍલર્ટ જાહેર કર્યું છે. પંચમહાલ અને મહીસાગર જિલ્લાના નદીકાંઠા વિસ્તારમાં વસવાટ કરતાં લોકો માટે સાવચેતીના પગલાં લેવાયા છે. જેમાં શહેરા તાલુકાના ૪, લુણાવાડા તાલુકાના ૧૮, ખાનપુર તાલુકાનું ૧ અને સંતરામપુર તાલુકાના ૪ ગામોને ઍલર્ટ કરાયા છે. લોકો નદીના કિનારે ન જવાના અને જરૂરી સુરક્ષા ચેતાવણીનું પાલન કરવા તંત્રએ સ્પષ્ટ સૂચન કર્યું છે.

# ભાજપ નેતાઓને મળેલી લહાણી પર વિપક્ષે સરકારને ઘેર્યું



પાટનગર ગાંધીનગરમાં સરકારી બંગલાની ફાળવણીને લઈને વિધાનસભા વિપક્ષના નેતા અને સરકાર વચ્ચે લેટરવોર જામ્યો છે. તેનું કારણ એ છેકે, ભાજપ પ્રદેશ પ્રમુખ બન્યા પછી સી. આર. પાટીલ ગાંધીનગરમાં સરકારી બંગલો ફાળવાયો છે. આ ઉપરાંત ભાજપના મહામંત્રી રત્નાકર પણ બંગલામાં જ રહે છે. જ્યારે વિપક્ષના નેતા અમિત ચાવડાએ કોર્મશિયલ રેટથી ક ટાઇપનો બંગલો ભાડે માંગતા સરકારે ધરાર ઈન્કાર કરી દીધો છે. હવે આ મામલે વિવાદ જામ્યો છે. સરકારી બંગલા ફાળવવામાં રાજ્ય સરકાર દ્વેષભાવ રાખી રહી છે તેવો આક્ષેપ થઈ રહ્યો છે કેમકે, વર્ષ ૨૦૨૦થી ક ટાઇપનો ભાજપ પ્રદેશ પ્રમુખ સી. આર. પાટીલને ફાળવવામાં આવ્યો છે. નવાઈની વાત તો એ છે કે, સરકારી બંગલો ફાળવવામાં આવે તો કયા વિભાગના અધિકારી છે તે જણાવવું પડે છે. સી. આર. પાટીલના કિસ્સામાં અધિકારીની મૂળ કચેરી તરીકે કમલમ દર્શાવાયું છે. પાટીલને જે ટાઇપનો બંગલો ફાળવાયો છે તે ટાઇપના બંગલા પોલીસ મહાનિરીક્ષક નિરજા ગોટરુ, નાયબ પોલીસ મહાનિરીક્ષક અર્ચના શિવહરે, મુખ્ય વન સરંક્ષક કે. એન. રંધાવા, નાયબ પોલીસ મહાનિર્દેશક મયંકસિંહ ચાવડા સહિતના ઉચ્ચ અધિકારીઓને ફાળવવામાં આવ્યા છે. વિધાનસભા વિપક્ષના નેતા અમિત ચાવડાએ મુખ્યમંત્રીને રજૂઆત છતાં કોમર્શિયલ રેટથી બંગલો ભાડે આપવા સરકારને ના પાડી દીધી છે. તેમણે એવો આક્ષેપ કર્યો કે, હાલ જે સરકારી આવાસો કોને ફાળવાયા છે અને તેમાં કોણ રહે છે તેની તપાસ કરવામાં આવે તો ઘણી ચોંકાવનારી વિગતો ખુલી શકે તેમ છે. ઘણાં આવાસો બારોબાર નેતાઓને આપી દેવાયા છે જેમ કે, ભાજપના નેતા રત્નાકર કોના સરકારી બંગલા રહે છે તેની તપાસ થવી જોઈએ. હવે વિવાદ એ જામ્યો છે કે, ભાજપના નેતાઓને સરકારી બંગલાઓની લ્હાણી કરાઈ છે ત્યારે વિપક્ષના નેતાને ભાડે પણ બંગલો અપાતો નથી. નોંધનીય છેકે, પરેશ ધાનાણી વિપક્ષ નેતા હતા ત્યારે બાબુ બોખરિયા મંત્રી ન હોવા છતાંય બંગલો ખાલી કરતા ન હતા. આખરે સરકારે દબાણ કરી વિપક્ષી નેતા માટે બંગલો ખાલી કરાવ્યો હતો.

# ધોળા દિવસે હોસ્પિટલમાં ઘૂસી નર્સિંગની વિદ્યાર્થિનીનું ગળું કાપી નાખ્યું, નજરે જોનારાઓની બચાવવા હિંમત ન થઇ




મધ્યપ્રદેશમાંથી એક સનસનીખેજ ઘટના સામે આવી છે. મધ્યપ્રદેશના નરસિંહપુર જિલ્લા હોસ્પિટલમાં નર્સિંગની ટ્રેનિંગ લઈ રહેલી એક વિદ્યાર્થિનીનું ગળું કાપીને હત્યા કરી નાખવામાં આવી છે. આ ઘટનાનો વીડિયો સામે આવ્યો છે, જેને જોઈને દરેકના રૂંવાટા ઊભા થઈ ગયા છે. શુક્રવારે બનેલી આ ઘટનામાં આરોપીએ ધોળા દિવસે છરી વડે વિદ્યાર્થીની સંધ્યા ચૌધરીને ગળું કાપીને મોતને ઘાટ ઉતારી દીધી.

હોસ્પિટલ પરિસરમાં સેંકડો લોકોની હાજરીમાં આરોપી અભિષેક કોષ્ઠી વિદ્યાર્થિનીનું ગળું કાપી રહ્યો છે. આ દરમિયાન તેણે પોતાની ગરદન કાપવાનો પણ પ્રયાસ કર્યો. પરંતુ જ્યારે તેણે જોયું કે વિદ્યાર્થીની હજુ પણ જીવિત છે અને પીડાથી તડપી રહી છે, તો તેણે ફરી તેની ગરદન કાપવાનું શરૂ કરી દીધું. આ ભયાનક દશ્ય જોઈ લોકો ડરી ગયા છે. ઘટનાસ્થળ પર હાજર કોઈ વ્યક્તિએ આ ઘટનાનો વીડિયો બનાવીને સોશિયલ મીડિયા પર વાયરલ કરી દીધો છે. પ્રાપ્ત માહિતી પ્રમાણે ઘટના સમયે નર્સિંગ સ્ટુડન્ટ ડ્યૂટી પર હતી અને હોસ્પિટલમાં દર્દીઓની દેખરેખ કરી રહી હતી. આ દરમિયાન આરોપી યુવક અચાનક હોસ્પિટલમાં ઘૂસી ગયો અને એક જ ઝાટકે છોકરીનું ગળું છરીથી કાપી નાખ્યું. ઘટના સમયે દ્રશ્ય એટલું ભયાનક હતું કે સ્થળ પર હાજર કોઈ પણ છોકરીને બચાવવાની હિંમત ન કરી શક્યું. પોલીસે આરોપી યુવકની કરી ધરપકડ. આ હત્યાકાંડ બાદ હોસ્પિટલ પરિસરમાં ભાગદોડ મચી ગઈ. થોડી જ વારમાં વિદ્યાર્થિનીનું ઘટનાસ્થળે જ મોત થઈ ગયું. પ્રાપ્ત માહિતી પ્રમાણે આરોપી યુવક વિદ્યાર્થિનીને એકતરફી પ્રેમ કરતો હતો. પોલીસે આરોપી યુવકની ધરપકડ કરી લીધી છે અને તેને ન્યાયિક કસ્ટડીમાં જેલ હવાલે કરી દીધો છે. આ ઘટનાએ હોસ્પિટલની સુરક્ષા અને કાયદા વ્યવસ્થા પર ગંભીર સવાલો ઉભા કર્યા છે.

# શહેરમાં મેઘમહેરઃ પશ્ચિમ વિસ્તારમાં ધીમી ધારે વરસાદ વરસ્યો



અમદાવાદમાં સોમવારના વિરામ બાદ આજે બપોરના સમયે વાતાવરણમાં એકાએક પલટો આવ્યો હતો. બપોરના એક વાગ્યાના સુમારે શહેરના સરખેજ, વેજલપુર, પ્રહ્લાદ નગર, મકરબા, શિવરંજની, ગોતા સહિતના વિસ્તારમાં પવન સાથે વરસાદ વરસવાની શરુઆત થઈ છે. અચાનક શરૂ થયેલ વરસાદના લીધે વાહનો ચાલકો મુશ્કેલીમાં મુકાયા હતા. વરસાદના લીધે સ્કૂલના બાળકો પણ ભીંજાયા હતા. ગુજરાતમાં ચોમાસાની ધમાકેદાર શરૂઆત થઈ છે. અત્યાર સુધીમાં ૧૧ ઈંચ સાથે સિઝનનો સરેરાશ ૩૧.૬૨ ટકા વરસાદ વરસી ચૂક્યો છે. હવામાન વિભાગની આગાહી મુજબ, આજે મંગળવારે (૧ જુલાઈ) ૧૫ જિલ્લામાં યલો ઍલર્ટ જાહેર કર્યું છે. જેમાં અમરેલી, ભાવનગર, વલસાડ, નવસારી, ડાંગ, સુરત, તાપી, ભરૂચ, નર્મદા, વડોદરા, છોટા ઉદેપુર, પંચમહાલ, દાહોદ, મહીસાગર, અરવલ્લી જિલ્લામાં ગાજવીજ સાથે ભારે વરસાદની આગાહી છે.

# પ્રયાસ ચેરીટેબલ ટ્રસ્ટની સાધારણ સભા યોજાઈ



પંચાલ પુનમચંદ - પ્રયાસ ચેરિટેબલ ટ્રસ્ટ ની વર્ષ ૨૦૨૪-૨૫ ની સાધારણ સભા યોજાઈ. સભાનું સંચાલન મહિલાઓ હસ્તક હતું જે ખુબ જ સરાહનીય રીતે સંચાલિત કરવાંમાં આવ્યુ. મહિલાઓ દ્વારા દીપ પ્રાગટ્ય કરીને સરસ્વતી વંદનાથી કાર્યક્રમ ની શરૂઆત કરી. સભાના પ્રમુખ તરીકે શ્રીમતી ઉર્મિલાબેન ઉપાધ્યાય ની વરણી કરવામાં આવી. શ્રીમતી વર્ષાબેન શુક્લ દ્વારા એન્કરિંગ કરવામાં આવ્યું તથા શ્રીમતી ફાલ્ગુનીબેન પટેલ દ્વારા પ્રયાસ ની કામગીરી વિષે પ્રેઝન્ટેશન આપવામાં આવ્યું. પ્રયાસ ટ્રસ્ટ ના સદસ્યો ના તેજસ્વી બાળકોને ઈનામ અને સર્ટી આપીને મહિલાઓ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.-અખંડ ભારત

# અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકાની સુનોખ ઉત્તર બુનિયાદી વિદ્યાલય યોજાયો પ્રવેશોત્સવ



આર. જી. નાયી

શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી ઉત્સવ માટે તારીખ ૨૮ /૬ /૨૦૨૫ ને શનિવાર ના રોજ ઉત્તર બુનિયાદી વિદ્યાલય ખાતે શ્રી એન વી ચૌધરી સાહેબ કાર્યપાલક ઈજનેર શ્રી માર્ગ અને મકાન વિભાગ (સ્ટેટ) અરવલ્લીના અધ્યક્ષ સ્થાને યોજાઈ ગયો. ધોરણ ૯ માં નવીન પ્રવેશ મેળવતા વિદ્યાર્થીઓને આશીર્વાદ આપવા ગામના પૂર્વ સરપંચ શ્રી ભવનભાઈ તરાર, પત્રકાર શ્રી બીપીનભાઈ પટેલ ,વાલી મંડળના પ્રમુખ શ્રી જયેન્દ્રસિંહ ઝાલા અને વાલીઓ તથા ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા કાર્યક્રમમાં સરકારશ્રીની વિવિધ યોજનાઓ વિશે બાળકો સાથે સર્વેને માહિતીગાર કરવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓને દાતાશ્રીઓ તરફથી ચોપડા કપાસ અને પેનો આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. લાઈઝન અધિકારી શ્રી જયેશભાઈ શ્રી પટેલ સી.આર.સી ખિલોડાના શ્રી ગોપાલભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. શાળાના આચાર્યશ્રી જયપ્રકાશભાઈ ભગોરા તથા સમગ્ર સ્ટાફે કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાની કન્યાઓ દ્વારા કરવામાં આવ્યું હતું. અખંડ ભારત

# પીએસઆઈ તરીકે પ્રમોશન મળતા પરિવારમાં ખુશી



પપ્પુ ડામોર - ઝાલોદ તાલુકાના લીમડી પોલીસ સ્ટેશન મા ફરજ બજાવતા શ્રી કહેજભાઈ મછાર. એએસઆઈ માંથી પીએસઆઈ તરીકે પ્રમોશન મળતા લીમડી સ્ટાફ ગણ દ્વારા અભિનંદન પાઠવ્યા હતા અને તે ઓ ચાકલીયા ગામના વતની હોઈ તેમના કુટુંબીજનો ખુશી પ્રસરી જવા પામી હતી.-અખંડ ભારત

# ગાંધીનગરમાં મોક્ષ રથનું લોકાર્પણ કરાયું



ભરતભાઈ વ્યાસ -ગાંધીનગર ના મેયર શ્રીમતી મીરાબેન પટેલ દ્વારા મેયરશ્રી ના’’લોકસુવિધા તથા વિકાસકાર્યો’’ની ગ્રાન્ટમાંથી રૂ.૪૫.૫૪ લાખના ખર્ચે ખરીદવામાં આવેલ બે મોક્ષ રથનું લોકાર્પણ સે.૩૦ ના અંતિમધામ ખાતે કરવામાં આવ્યું.આ પ્રસંગે મેયરશ્રી ઉપરાંત ડે.મેયરશ્રી નટવરજી ઠાકોર,સ્ટે.કમિટિ ના ચેરમેન શ્રી ગૌરાંગભાઈ વ્યાસ,તથા શાસક પક્ષના નેતા શ્રી અનિલસિંહ વાઘેલા તેમજ કોર્પોરેટરો ઉપસ્થિત રહ્યા હતા.-અખંડ ભારત

# વડોદરા-સાધલી-વડોદરા વાયા-સુદરપુરા-શાહપુરા-રુવાદ-કાયાવરોહણ-ટીમબરવા થઈને બસ ચાલુ કરવા માંગ

સબ્બીર રાઠોડ - વડોદરા જીલ્લા ના શિનોર તાલુકા મા સૌથી મોટુ સેન્ટર નુ સાધલી ગામ આવેલું છે. સાધલી ની આજુબાજુ ના પચ્ચીસ ગામો નો રોજીદો વ્યવહાર સાધલી સાથે સંકળાયેલા છે. આ તમામ ગામો ના લોકો ને ખરીદી કરવા માટે સાધલી આવવુ પડતુ હોય છે. તેમજ આ રુટ પર આવતા ગામો ના સામાજિક સંબંધો બન્ને બાજુ સંકળાયેલા છે જેથી કાયમી ડાયરેક્ટ ના મુસાફરો મડી રહે તેમ છે. આ રુટ પર ના વિદ્યાર્થીઓ ને સ્કુલ તથા કોલેજ મા અભ્યાસ કરવા માટે સાધલી આવવુ પડતુ હોય છે. તેમજ વડોદરા પણ અભ્યાસ કરવા માટે અપડાઉન કરતા હોય છે. પરતુ આ રુટ પર એક પણ બસ નો સમય નથી જેના કારણે મુસાફરો




તથા વિદ્યાર્થીઓને ખુબ જ તકલીફ પડતી હોય છે.આ રુટ પર બસ ના હોવાથી મુસાફરો તથા વિદ્યાર્થીઓને ના છુટકે ખાનગી વાહનો દ્વારા ડબલ ભાડુ ખર્ચી ને જીવ ના જોખમે મુસાફરી કરવી પડતી હોય છે. આ રુટ પર બસ ચાલુ કરવા મા આવે તો દશ થી બાર ગામો ના વિદ્યાર્થીઓ ને મુસાફરો આનો લાભ મળી શકે તેમ છે. -અખંડ ભારત

# જામદરા ગામ પંચાયતના કર્મચારીઓની અનિયમતતા મુદ્દે રજૂઆત

વણકર મનુભાઈ - જામદરા ગામ પંચાયત પર ઓપરેટર તરીકે કામગીરી કરતા કર્મચારીની અનિયમીતા મુદ્દે ગામના સ્થાનિક મનુભાઈ વણકરે આ મુદ્દે તાલુકા વિકાસ અધિકારીને લેખિતમાં રજૂઆત કરી કર્મચારી સામે કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ કરી છે.- અખંડ ભારત



# ડાંગ જિલ્લામાં હથિયારબંધીનું જાહેરનામુ પ્રસિદ્ધ કરાયું

ઘિસારામ ચૌધરી - ડાંગ જિલ્લામાં જાહેર સુલેહ શાંતિનો ભંગ ન થાય તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સુપેરે જળવાઈ રહે તે માટે, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ ૩૭ (૧) હેઠળ, ડાંગના અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ શ્રી વિ.કે.જોષીએ સમગ્ર જિલ્લામાં હથિયારબંધી ફરમાવતું જાહેરનામું પ્રસિધ્ધ કર્યું છે. આ જાહેરનામું તારીખ ૩૦/૬/૨૦૨૫ થી તારીખ ૧૪/૭/૨૦૨૫ના સમય ૨૪.૦૦ કલાક સુધી અમલમાં રહેશે.-અખંડ ભારત

# ગાંધીનગરથી જન સુરક્ષા સંતૃપ્તિ અભિયાનનો મુખ્યમંત્રીએ કરાવ્યો પ્રારંભ

પર્વતભાઈ પટેલ - મોદી સરકારની નાણાકીય યોજનાઓ જનજન સુધી પહોંચે તે માટે દેશભરમાં ૧ જુલાઈથી ૩૦ સપ્ટેમ્બર સુધી ‘જન સુરક્ષા સંતૃપ્તિ અભિયાન’નો પ્રારંભ થયો છે.આજે ગાંધીનગર ખાતેથી માનનીય મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલ એ રાજયના નાણામંત્રી શ્રી કનુભાઈ દેસાઈની વિશેષ ઉપસ્થિતિમાં આ અભિયાનનો ગુજરાતમાં




પ્રારંભ કરાવ્યો. આ અભિયાન અંતર્ગત પ્રધાનમંત્રી જીવન જયોતિ વીમા યોજના, પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના, અટલ પેન્શન યોજનાનો પ્રચાર-પ્રસાર કરવામાં આવશે તેમજ જનધન ખાતાને લગતી કામગીરી પણ કરાશે.-અખંડ ભારત

# બુધરાસણમાં ખખડધજ માર્ગનું મરામત કરવા માંગ

જશવંતભાઈ પાંડવ - ભિલોડા તાલુકા ના બુધરાસણ ગામના રસ્તા બૂઢેલી થી બુધરાસણ ચાર કિલોમીટર રસ્તા ઉપર ઠેર ઠેર ખાડા અને ચોમાસાની સિઝન દરમ્યાન આ મસમોટા ખાડામાં ભરાઈ રહેતા વરસાદી પાણીને લઈને વાહનો પટકાવા અકસ્માતના બનાવોની શક્યતાને પગલે માર્ગનું સત્વરે મરામત કરવામાં આવે તેવી સ્થાનિક પ્રજાજનોની માંગ ઉઠી છે.-અખંડ ભારત



# દાંતામાં આવેદનપત્ર અપાયું



જયરાજસિંહ બારડ - દાંતા તાલુકાની આંગણવાડી કાર્યકર બહેનો દ્વારા બીએલઓ ની વધારાની કામગીરી સોંપવામાં આવી છે તેના વિરોધમાં દાતા પ્રાંત ઓફિસ તથા બનાસકાંઠા કલેક્ટરશ્રીને આ કામગીરી ન સોંપવા આવેદન પત્ર આપવામાં આવ્યું અને આંગણવાડી કાર્યકરોને icds સિવાયની વધારાની કોઈપણ કામગીરી સોંપવામાં ન આવે તેવી માંગ કરવામાં આવી હતી.-અખંડ ભારત

# નાની સંજેલીમાં સસ્તા અનાજની દુકાનમાં રેશનકાર્ડ ધારકોની ભારે ભીડ



કમલેશભાઈ પટેલ - દાહોદ જિલ્લાના સીગવડ તાલુકાના નાની સંજેલી ગામે પંડિત દીનદયાલ ગ્રાહક ભંડાર સસ્તા અનાજની દુકાને મહીનાના છેલ્લા બે દિવસ પહેલા સસ્તા અનાજનો જથ્થો રેશનકાર્ડ ધારકોને વેચાણ કરવામાં આવતો હોઈ રેશનકાર્ડ ધારકો રેશનિગનો જથ્થો લેવા માટે મોટી સંખ્યામાં એક સાથે ઉમટી પડતા ભારે ભીડભાડના દ્રશ્યો જાવા મળી રહ્યા છે.જેને કારણે રેશનિગ કાર્ડ ધારકોને કલાકો સુધી લાંબી લાઈનો ઉભા રહેવાની ફરજ પડતી હોઈ કાર્ડધારકોનો સમય વ્યર્થ થતો હોઈ કાર્ડ ધારકો રોષે ભરાયા હતા.આ સસ્તા અનાજની દુકાનમાં નિયમિત અનાજનો જથ્થો કાર્ડ ધારકોને વિતરણ કરવામાં આવે અથવા ત્રણ ગામની દુકાનનુ વિભાજન કરી વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવે તો આ સમસ્યાનો સમાધાન થઈ શકે છે.-અખંડ ભારત

# કરંજખેડમાં વૃક્ષારોપણ કરાયું



**કોંકણી મુકેશભાઈ -"એક પેડ મા કે નામ " આજ રોજ સુરત તાપી જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. સુમુલ ડેરીના ડિરેક્ટર શ્રી શૈલેષભાઈ તથા કરંજખેડ દૂધ ઉત્પાદક મંડળી પ્રમુખ મંત્રી સભાસદ ભાઈઓ બહેનો હાજર રહી વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.-અખંડ ભારત**

# લુખાવાડા પ્રા.શાળામાં તમાકુ નિયંત્રણ કાર્યક્રમ યોજાયો



પર્વતભાઈ પટેલ - મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી અને એપેડેમિક મેડિકલ ઓફિસરશ્રીના માર્ગદર્શન હેઠળ લુખાવાડા પ્રાથમિક શાળા ખાતે રાષ્ટ્રીય તમાકુ નિયંત્રણ કાર્યક્રમ અંતર્ગત આરોગ્યલક્ષી કાર્યક્રમ યોજવામાં આવ્યો.જેમાં વિદ્યાર્થીઓને તમાકુના વ્યસન દ્વારા થતા નુકસાન અંગે અને COTPA-૨૦૦૩ ના કાયદા વિશે માર્ગદર્શન આપવામાં આપી વિદ્યાર્થીઓને રચનાત્મક પ્રવુતિ કરાવવામા આવી. શાળાના આચાર્યશ્રી તેમજ તેમનાં શિક્ષકગણ દ્વારા કાર્યક્રમમાં ભાગ લીધો હતો.-અખંડ ભારત

# ગાંધીનગર નજીક નર્મદા કેનાલમાં કાર ખાબકતાં ૫ ડૂબ્યા, ૩ના મોત

ગાંધીનગરના નભોઈ ગામ પાસે નર્મદા કેનાલમાં કાર ખાબકતા કારમાં સવાર પાંચ લોકો ડૂબ્યા હોવાથી આશંકા છે. કાર ખાબકી હોવાના સમાચાર પ્રાપ્ત થતાં જ ફાયર બ્રિગેડની ટીમ ઘટના સ્થળે પહોંચી હતી. આ અકસ્માતમાં એક યુવતી સહિત ત્રણ લોકોના મૃતદેહ મળી આવ્યા છે. કેનાલમાંથી કારને પણ બહાર કાઢી લેવામાં આવી છે. પોલીસની હાજરીમાં કારની તપાસ કરવામાં આવતાં તમામ લોકો અમદાવાદના નિકોલ વિસ્તારના ખોડિયાર નગરના રહેવાસી હોવાનું જાણવા મળ્યું છે.

# જીવનમાં નિષ્ઠાપૂર્વક કરેલું કાર્ય શ્રેષ્ઠ બની રહેશે : ૧૦૦૮ સંતશ્રી ભારતીબાપુ- દશનામ અખાડા : કમાણા




જિલ્લા સરકારી ગ્રંથાલયના સભાખંડમાં આજે વય નિવૃત્ત થઈ રહેલા ગ્રંથાલય નિયામકશ્રી ડૉ. પંકજપુરી ગોસ્વામીનો ભવ્ય વય નિવૃત્તિ સન્માન સમારોહ યોજવામાં આવ્યો હતો. ખીચોખીચ ભરાયેલા સભાખંડમાં આવકાર સહ ઉદબોધન કરતા ગુજરાત રાજ્ય સરકારી જાહેર ગ્રંથાલય, કર્મયોગી મંડળના પ્રમુખશ્રી જયરામભાઈ દેસાઈએ કહ્યું કે ગ્રંથાલય પ્રવૃત્તિના વિકાસમાં ડૉ. પંકજપુરી કે. ગોસ્વામીનું યોગદાન હંમેશા યાદ રહેશે. ડૉ. પંકજપુરી ગોસ્વામીએ તેઓના કાર્યકાળ દરમિયાન કર્મયોગીઓમાં ગ્રંથાલય વડા તરીકે મીઠાશની લાગણી વધુ પ્રસરાવી છે. તેઓના સમય દરમિયાન ગ્રંથાલય પ્રવૃત્તિમાં સફળતાના નવા માપદંડો સ્થાપિત થયા અને જવાબદારીપૂર્વક સમર્પિત અધિકારી તરીકે તેઓ દીવાદાંડી રૂપ માર્ગદર્શક બની રહેશે. વાંચન પ્રવૃત્તિને સતત વેગ મળે તે હેતુસર ૨૦૨૪-૨૫ માં ૬૪ જેટલા સરકારી તાલુકા ગ્રંથાલયો શરૂ થયા, ૨૦૨૫-૨૬ માં નવીન ૭૧ જેટલા નવીન સરકારી ગ્રંથાલયો શરૂ કરવાની મંજૂરી મળી. વળી ૧૫ થી ૨૦ જિલ્લા - તાલુકા ભવનોના નિર્માણ કાર્યો પણ શક્ય બન્યા. શ્રી ગોસ્વામીના હકારાત્મક અને ગ્રંથાલય સેવા માટે- કર્મયોગીઓ માટે પર ગજુ સ્વભાવની પ્રશંસા કરતા ડૉ. જયરામ દેસાઈએ તમામ કર્મયોગીઓ વતી વય નિવૃત્ત થઈ રહેલા ગ્રંથાલય નિયામકશ્રીને તંદુરસ્ત જીવન અને દીર્ઘ આયુષ્ય માટે શુભેચ્છા વ્યક્ત કરી હતી.

૧૦૦૮ પૂ. ભારતીગીરી બાપુ - દશનામ અખાડા : કમાણા (વિસનગર)એ કહ્યું કે જીવનમાં નિષ્ઠાપૂર્વક કરેલું કાર્ય શ્રેષ્ઠ બની રહે છે. ડૉ. પંકજપુરી ગોસ્વામીના પ્રમાણિક પ્રયત્નોથી જ તેઓ ચોક્કસ યથાર્થ પ્રગતિ કરી શક્યા છે. આપણને જીવનમાં કંઈક સારું કરી શકવાની ઈચ્છા થશે તો બુદ્ધિ જરૂરી સહાય અને કાર્યનિષ્ઠાનો સમન્વય થવાથી સારું પરિણામ અવશ્ય પ્રાપ્ત થાય. પૂ. ભારતી ગીરીએ ડૉ. ગોસ્વામીના નિવૃત્તિ પછીના નવા જીવનની શરૂઆત પણ માર્ગદર્શક બની રહેશે તેવી શુભેચ્છાઓ પાઠવી હતી.

ડૉ.પંકજપુરી ગોસ્વામીએ પ્રતિભાવ આપતા કહ્યું કે ૧૯૮૯ થી ગ્રંથાલય ખાતામાં મેં કારકિર્દીનો શુભારંભ કર્યો અને આજે જૂન-૨૫ માં રાજ્ય ગ્રંથપાલ તરીકે નિવૃત્ત થઈ રહ્યો છું તેનો સંપૂર્ણ યશ મારા સાથી કર્મયોગીઓ અને મને પ્રોત્સાહન આપનાર રાજ્ય સરકારશ્રીના મંત્રીશ્રીઓ તેમજ અધિકારીશ્રીઓને ફાળે જાય છે. ગ્રંથાલય વિકાસ પ્રવૃત્તિ કરીને આપણે આવનાર પેઢીઓને જ્ઞાન -માહિતી સમૃદ્ધ વારસો આપીએ તેવી મારી અંતર ભાવના છે. તેઓએ વાંચન પ્રવૃત્તિને વધુને વધુ વિસ્તારવા ગ્રંથાલય નિર્માણ કરવા પોતાના કૌશલ્યનું માતબર પ્રદાન કરવા કર્મયોગીઓને સૂચન કર્યું હતું.

આ પ્રસંગે ઉપસ્થિત જાણીતા કેળવણીકાર શ્રી મફતભાઈ પટેલ, ગુજરાત પુસ્તક મંડળ સહાયક સહકારી મંડળીના શ્રી પંકજ બાવીસી, શ્રી ઠાકોરભાઈ સહિત અનેક વક્તાઓએ પુસ્તક પ્રેમી અને ગ્રંથાલય વિકાસ માટે સતત પ્રવૃત્ત એવા ડૉ. ગોસ્વામીની ગૌરવપ્રદ સરકારી સેવાઓ વિશે વિસ્તૃત વાત કરી હતી.

ગુજરાત રાજ્ય ગ્રંથાલય ટેકનિકલ મંડળ- ગાંધીનગર પુસ્તકાલય મંડળ વડોદરા, ગ્રંથાલય સેવા મંડળ- અમદાવાદ અને રાજ્યના તમામ ગ્રંથાલયના કર્મયોગીઓ - પદાઅધિકારીશ્રીઓ અને વાંચન પ્રેમી નાગરિકો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે તેઓશ્રીના પિતાશ્રી કાંતિપુરી ગોસ્વામી, માતા શ્રીમતી કંચનબેન ગોસ્વામીએ પણ આશીર્વચન પાઠવ્યા હતા.

# નાણા મંત્રી શ્રી કનુભાઈ દેસાઈના હસ્તે રાજ્ય કર વિભાગના નવા લોગોનું અનાવરણ કરાયું



ગાંધીનગર ખાતે આજે તા. ૧ જુલાઈ - GST દિવસ નિમિત્તે નાણા મંત્રી શ્રી કનુભાઈ દેસાઈના વરદ હસ્તે ગુજરાત રાજ્ય કર વિભાગનો નવો અધિકૃત લોગો જાહેર કરવામાં આવ્યો છે. સાથે જ, રાજ્ય કર વિભાગનો વર્ષ ૨૦૨૪-૨૫ માટેનો વાર્ષિક અહેવાલ પણ નાણા મંત્રીશ્રીના હસ્તે પ્રકાશિત કરવામાં આવ્યો હતો.આ અવસરે મંત્રી શ્રી કનુભાઈ દેસાઈએ નાણા વિભાગ દ્વારા રાજ્યની કર નીતિ, શાસન અને આવકમાં સુધારાઓ લાવવા માટે કરવામાં આવેલા વિશિષ્ટ પ્રયાસોની પ્રશંસા કરી હતી. તેમણે ખાસ કરીને વિશ્વાસની સ્થાપના, ઈઝ ઓફ કમ્પ્લાયન્સ (પાલનની સરળતા) અને ટેક્નોલોજીના સુયોગ્ય ઉપયોગ દ્વારા વધુ સારી સેવાઓ સુનિશ્ચિત કરવા પર ભાર મૂક્યો હતો.રાજ્ય કર વિભાગનો નવો લોગો વિભાગની વિકસતી ઓળખને સ્પષ્ટપણે રજૂ કરે છે. આ લોગો પારદર્શિતા, ટેક્નોલોજી-આધારિત સુધારાઓ અને 'નાગરિક પ્રથમ' અભિગમ જેવા મુખ્ય સિદ્ધાંતોને વ્યક્ત કરે છે. આ લોગો ડિજિટલ શાસનના યુગમાં એક મજબૂત, કાર્યક્ષમ અને કરદાતા-ફ્રેન્ડલી ઈકોસિસ્ટમનું નિર્માણ કરવા માટેના વિભાગના મિશનને પ્રતિબિંબિત કરે છે. આ લોગોમાં વપરાયેલા રંગોનો પણ વિશેષ અર્થ છે. લોગોમાં દર્શાવેલ વાદળી રંગ કમ્યુનિકેશન અને પારદર્શિતા દર્શાવે છે. જ્યારે, સોનેરી રંગ કરવેરા (Taxation) અને વિકાસનું પ્રતિક છે. આ નવો લોગો નાણા વિભાગની આધુનિક અને જન-કેન્દ્રિત શાસન પ્રણાલી પ્રત્યેની પ્રતિબદ્ધતાને પણ રેખાંકિત કરે છે.રાજ્ય કર વિભાગ દ્વારા પ્રકાશિત કરાયેલો વર્ષ ૨૦૨૪-૨૫નો વાર્ષિક અહેવાલ નાણા વિભાગની કાર્યક્ષમતા, આવક, સુધારાઓ અને વિવિધ મહત્વપૂર્ણ માપદંડો પર કરવામાં આવેલી વિશિષ્ટ કામગીરીનું દસ્તાવેજીકરણ કરે છે. આ અહેવાલ વિભાગની પ્રગતિ સ્પષ્ટ રીતે દર્શાવે છે.દિવસના પ્રસંગે રાજ્ય કર વિભાગે જવાબદારી, નવીનતા અને જનસહભાગિતાની પ્રતિબદ્ધતાને પુનઃ દ્રઢ કરી છે અને વિકસિત ભારતના સામૂહિક પ્રયાસોમાં વિભાગની ભૂમિકા નિષ્ઠાપૂર્વક નિભાવવાનો સંકલ્પ વ્યકત કર્યો છે.આ લોગો અનાવરણ પ્રસંગે નાણા વિભાગના અગ્ર સચિવ શ્રી ટી. નટરાજન, મુખ્ય રાજ્ય વેરા કમિશનર શ્રી રાજીવ ટોપનો, નાણાં વિભાગના સચિવ શ્રી આરતી કંવર ઉપરાંત અન્ય ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# સ્વિત્ઝરલેન્ડના લૌઝેન ખાતે રમતગમત પ્રતિનિધિમંડળે રાજ્યના રમતગમત ક્ષેત્રને પ્રોત્સાહક એવી મહત્ત્વપૂર્ણ બેઠકો કરી





ગુજરાતના રમતગમત મંત્રી શ્રી હર્ષ સંઘવીના નેતૃત્વમાં ભારતીય ઓલિમ્પિક એસોસિએશનના પ્રમુખ શ્રી પી.ટી. ઉષા, રમતગમત સંઘના સચિવ શ્રી હરિ રંજન રાવ, ગુજરાતના રમતગમત વિભાગના પ્રિન્સીપલ સેક્રેટરી શ્રી અશ્વિની કુમાર અને શહેરી વિભાગના પ્રિન્સીપલ સેક્રેટરી શ્રી થેનારાસન સહિતના રમતગમત પ્રતિનિધિમંડળે સ્વિત્ઝરલેન્ડના લૌઝેન શહેરમાં વિશ્વ કક્ષાના રમતગમત પ્રતિનિધિમંડળો સાથે મહત્ત્વપૂર્ણ બેઠકો કરી.ગુજરાતના રમતગમત પ્રતિનિધિમંડળે લૌઝેન સ્થિત વૈશ્વિક રમતગમત ઈવેન્ટ સંગઠન સ્પોર્ટએકોર્ડના અધ્યક્ષ સાથે બેઠક કરીને ગુજરાતમાં યોજાનારી સ્પોર્ટએકોર્ડ કોન્ફરન્સ માટે આમંત્રણ આપ્યું. જેમાં એક અગ્રણી રમતગમત ઈવેન્ટ ડેસ્ટિનેશન તરીકે આપણા રાજ્યની ક્ષમતા દર્શાવવામાં આવી હતી.ત્યારબાદ ટીમ બર્સન સાથે આંતરરાષ્ટ્રીય રમતગમત ટુર્નામેન્ટ પ્રેઝન્ટેશન્સ, સહયોગ અને આ ક્ષેત્રમાં વિકાસ માટેની વિવિધ તકો અંગે પણ વિગતવાર ચર્ચા કરી.

વધુમાં, એસોસિએશન ઑફ નેશનલ ઓલિમ્પિક કમિટીઝ (ANOC) ટીમ સાથે મુલાકાત કરીને ગુજરાત અને ભારતના અન્ય રાજ્યોમાં ANOC ઈવેન્ટ્સનું આયોજન કરવા માટેની સંભવિત તકોની ચર્ચા કરવામાં આવી, જેમાં આપણા રમતગમતના માળખા અને ગુજરાતની અસ્મિતા અને આતિથ્યને પ્રકાશિત કરવામાં આવ્યું. ANOC એક આંતરરાષ્ટ્રીય સંસ્થા છે. જે આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક સમિતિ દ્વારા માન્યતા પ્રાપ્ત ૨૦૬ રાષ્ટ્રીય ઓલિમ્પિક સમિતિઓ ને સંલગ્ન કરે છે.

વધુમાં, શ્રી હર્ષ સંઘવીની આગેવાનીના પ્રતિનિધિમંડળે FIVB પ્રમુખ (આંતરરાષ્ટ્રીય વોલીબોલ ફેડરેશન) અને તેમની ટીમ સાથે વિવિધ ટુર્નામેન્ટ્સનું આયોજન અને વોલીબોલ રમતના વિકાસ માટેની તકો અંગે ચર્ચા કરતા ફળદાયી બેઠક કરી. સ્વિત્ઝરલેન્ડની આ મુલાકાત દરમિયાન વિવિધ આંતરરાષ્ટ્રીય રમતગમત ફેડરેશનમાં કામ કરતા ભારતના યુવા વ્યાવસાયિકો સાથે રાત્રિભોજન કરીને તેમની સાથે સંવાદ કર્યો અને જોડાણોને પ્રોત્સાહન આપ્યું અને ભવિષ્યના સહયોગ માટે શુભેચ્છાઓનું આદાનપ્રદાન કર્યું.મંત્રી શ્રી હર્ષ સંઘવીની આગેવાનીમાં યોજાયેલી આ બેઠકો ભારત અને ગુજરાતને આંતરરાષ્ટ્રીય રમતગમત કાર્યક્રમોના કેન્દ્ર તરીકે પ્રોત્સાહન આપવા અને વૈશ્વિક રમતગમત સંગઠનો સાથે ભાગીદારીને પ્રોત્સાહન આપવા માટે એક મહત્ત્વનું પગલું બની રહેશે.




વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે યુ. એન. મહેતા ઈન્સ્ટિટ્યૂટ ઓફ કાર્ડિયોલોજી એન્ડ રિસર્ચ સેન્ટરના ગાંધીનગર ખાતેના કાર્ડિયાક અને ન્યુરો સેન્ટરનું લોકાર્પણ ૨૭ મે ના રોજ કરવામાં આવ્યું હતું. આ સેન્ટર કાર્યરત થયાના એક મહિનામાં ગાંધીનગર અને આસપાસના દર્દીઓને કાર્ડિયાક અને ન્યુરો સંબંધિત સારવારમાં સરળતા મળી રહી છે. આ સેન્ટરમાં અદ્યતન ટેકનોલોજીથી સજ્જ કેથલેબની નવી સુવિધા શરૂ કરવામાં આવી છે. ગાંધીનગર સેન્ટરની શરૂઆત કર્યેના એક મહિનામાં કાર્ડિયાક અને ન્યુરો કેર સેન્ટરમાં કુલ ૧,૪૧૦ ઓ.પી.ડી.ના દર્દીઓની અને ૭૭ ઈન્ડોર દર્દી (દાખલ થયેલ) તરીકે સારવાર આપવામાં આવી છે. ગાંધીનગર સેન્ટર ખાતે શરૂ કરવામાં આવેલી કેથલેબ સુવિધા અત્યાધુનિક ડાયગ્નોસ્ટિક અને ઈન્ટરવેન્શનલ ટેકનિકથી સજ્જ છે. જે સંસ્થાને અદ્યતન નિદાન અને ઈન્ટરવેશનલ પ્રોસીજર્સ કરવા સક્ષમ બનાવે છે.

# ગાંધીનગરમાં આરોગ્ય સમીક્ષા કેન્દ્રનું ઉદ્ઘાટનઃ૧૦૪ હેલ્પલાઈન થકી દર્દીઓનો ફીડબેક લેવાશે, એક જ છત્ર હેઠળ થશે આરોગ્ય સેવાઓનું મોનિટરિંગ



ગાંધીનગરમાં રાજ્યની આરોગ્ય સેવાઓના સર્વગ્રાહી મોનિટરિંગ માટે નવું આરોગ્ય સમીક્ષા કેન્દ્રનો પ્રારંભ થયો છે. આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલે મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં આ કેન્દ્રનું ઉદ્ઘાટન કર્યું હતું.આ કેન્દ્ર દ્વારા રાજ્યની તમામ આરોગ્ય સેવાઓનું એક જ સ્થળેથી મોનિટરિંગ કરવામાં આવશે. નાગરિકોને ઘરે બેઠા આરોગ્ય સેવાઓની માહિતી મળી રહે તે માટે ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવી છે. સાથે જ PMJAY હેલ્પલાઈન પણ કાર્યરત કરવામાં આવી છે.આરોગ્ય વિભાગની અલગ-અલગ શાખાઓ દ્વારા અમલીકૃત આરોગ્યલક્ષી કાર્યક્રમો/સેવાઓને સંકલિત રીતે એક જ સ્થાનેથી આરોગ્ય સમીક્ષા કેન્દ્રના માધ્યમથી નિયમિત ફોલો-અપ, નિયત લક્ષ્યાંકોને સિદ્ધ કરવા સમીક્ષા અને જિલ્લાવાર સેવાઓથી વંચિત રહેલ લાભાર્થીઓ સુધી પહોંચવા ત્વરિત ફિડ-બેકનું તૈયાર કરાયેલ માળખું અસરકારક સાબિત થશે.ગુજરાત સરકાર દ્વારા લોકોને ઘરે બેઠા ફોન ઉપર આરોગ્યલક્ષી યોજનાઓની માહિતી તથા સ્વાસ્થ્ય સબંધી કોઈ પણ સલાહ, સૂચન કે પરામર્શ મળી રહે તે માટે આરોગ્ય સમીક્ષા કેન્દ્રમાં હેલ્થ હેલ્પલાઈન નંબર ૧૦૪ કાર્યરત કરાયો છે તથા PMJAY હેલ્પલાઈન પણ શરૂ કરવામાં આવી છે.આરોગ્યલક્ષી તમામ કાર્યક્રમો-યોજનાઓના અસરકારક અને પરિણામલક્ષી અમલ માટે આરોગ્ય વિભાગ દ્વારા તમામ આરોગ્યલક્ષી પ્રોગ્રામોના ડેટાબેઝના ડેશ બોર્ડને સંકલિત કરી એક જ કેન્દ્ર ખાતે મોનિટરિંગ કરી શકશે.આરોગ્ય વિભાગના મહત્ત્વના પ્રોગ્રામોમાં જિલ્લા અધિકારીઓ, કર્મચારીઓ વગેરેને ત્વરિત ફીડ-બેક આપી આરોગ્ય સેવાઓના અમલીકરણમાં રહી ગયેલ કામગીરીને ઓળખીને ઝડપી ગુણાત્મક સુધારો કરી શકાય તે માટે સરળતાથી સંવાદ સાધી શકાય તે માટેની ઓડિયો-વિઝ્યુલ્સ વ્યવસ્થા, વિવિધ અમલીકરણ થતી સેવાઓના લાભાર્થીઓના ડિજિટલ ડેટા અને ડેશબોર્ડ સાથેની સ્ટેટ ઓફ આર્ટની વ્યવસ્થા કરાઈ છે.કુદરતી આપત્તિઓ, રોગચાળાઓ, વગેરે જેવી વિપરીત અને કટોકટીની પરિસ્થિતિઓમાં રાજ્યના તમામ જિલ્લાઓને રાજ્ય કક્ષાએથી ઉચ્ચ અધિકારીઓ, તજજ્ઞો સંકલિત રીતે ઓડિયો-વિઝ્યુઅલ્સ દ્વારા પરામર્શ થકી નીતિવિષયક નિર્ણયો અને અમલવારીની જાણ કરી ઉચ્ચ કક્ષાએ નિયત થયેલ રણનીતિઓ મુજબ ત્વરિત અમલીકરણ કરાવવાનું અસરકારક માધ્યમ આરોગ્ય સમીક્ષા કેન્દ્ર બની રહેશે.અદ્યતન ઓડિયો વિઝ્યુઅલ્સ કોન્ફરન્સ રૂમ,૧૨ ટર્મિનલ્સ સાથેની વ્યવસ્થા. વિડિયો કોન્ફરન્સ માટેનો મિટિંગ રૂમ તેમજ ફરજ પરના અધિકારીઓ માટેની બેઠક વ્યવસ્થાઓ. એક સાથે કુલ ૧૦૦ જેટલા તાલીમબદ્ધ કોલ-ટેકર્સ દ્વારા આરોગ્ય વિભાગની ફ્લેગશીપ યોજનાઓના/સેવાઓના લાભાર્થીઓને નિયત કરેલ પ્રશ્નાવલીઓ મુજબ જુદી-જુદી આરોગ્યલક્ષી સેવાઓ અંગે પરામર્શ, સલાહ, સૂચન, માર્ગદર્શનની માટેની અદ્યતન કોલ સેંટરની વ્યવસ્થા. વિશિષ્ટ સીએડી (CAD) કોલ સેન્ટર એપ્લિકેશન થકી વ્યવસ્થિત કોલ રેકોર્ડિંગ અને પુરાવા, તાલીમ અને ગુણવત્તા નિયંત્રણ માટે સુરક્ષિત રીતે માહિતીનું સંચાલન અને સંગ્રહ કરવા માટે EMRI GHS દ્વારા ડિઝાઈન અને અમલીકરણ કરવામાં આવી રહ્યું છે.રાજ્યના જિલ્લા વહીવટી તંત્ર અને આરોગ્ય અધિકારીઓ સાથે સમયાંતરે ટુ વે કમ્યૂનિકેશન વિડિયો કોન્ફરન્સિગ અને સંવાદની વ્યવસ્થા. આરોગ્ય વિભાગના અમલીકૃત મહત્ત્વના કાર્યક્રમોના ડેશબોર્ડનું મોનિટરિંગ અને ફીડ-બેક માટેની વ્યવસ્થા.આરોગ્ય વિભાગના રાજ્ય તથા જિલ્લા કક્ષાના સંપૂર્ણ માળખાના અધિકારીઓ, કર્મચારીઓને ત્વરિત સંપર્ક માટે ડિજિટલ ક્લિક ટુ કૉલની વ્યવસ્થા જિલ્લા અને તાલુકા કક્ષાએ અધિકારીઓનું અદ્યતન માહિતીથી સશક્તિકરણ.

**Printed,Published&Owned,Editor by,**TETARAWAL ROOPSINGH HEMARAM **Printed at** SHIVAM OFFSET, PLOT NO - 521/2,GH-6 CORNER,Sector-22,Gandhinagar-PIN. 382 022 . and **Published at** ,I-406, Amardeep residency, NR. Pushkar bungalow, Nana chiloda, Ahmedabad/ Gandhinagar - 382330,(GUJARAT) M - 9909441697